અધ્યાત્મમૂર્તિ, શાંતમુદ્રા, જ્ઞાનનો અવતાર તું,
ઓ કહાનદેવ દેવેન્દ્ર વ્હાલા, ગુણ તારા શું કથું ?

માર્ચ	❋ આત્મધર્મ ❋	અંક : ૯
૧૯૮૨	[૪૬૧]	વર્ષ ૩૮



૧. સંસારિક વિષયોની અભિલાષા તથા કર્મોદયથી ઉત્પન્ન થવાવાળા અનેક પ્રકારના દુઃખ તથા કર્મમળનો નાશ કરવામાં જે સમર્થ છે તે ભાવતીર્થ સમજવું જોઈએ અર્થાત્ ભાવતીર્થના સેવનથી સંસારિક અભિલાષા નષ્ટ થાય છે. કર્મજન્ય દુઃખનો નાશ થાય છે તથા કર્મમળનો ક્ષય થાય છે. આ ત્રણ ગુણ ભાવતીર્થમાં છે. અહીં જિનેશ્વરે કહેલ બાર અંગરૂપ શ્રુતજ્ઞાનને ભાવતીર્થ સમજવું.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, ષટ્ આવશ્યક-અધિકાર, ગાથા-૭૨)

૨. મૂળગુણો છોડીને કેવળ બાકીના ઉત્તરગુણોના પરિપાલનમાં જ પ્રયત્ન કરનાર તથા નિરંતર પૂજા આદિની ઇચ્છા રાખનાર સાધુનો આ પ્રયત્ન મૂળઘાતક થશે કારણ કે ઉત્તરગુણોમાં દૃઢતા મૂળગુણોના નિમિત્તે થાય છે તેથી આ તેનો પ્રયત્ન એવો છે કે, જેમ યુદ્ધમાં કોઈ મૂર્ખ સુભટ પોતાના મસ્તકનું છેદન કરનાર શત્રુના અનુપમ પ્રહારની પરવા ન કરતાં કેવળ આંગળીના અગ્રભાગના ખંડન કરનાર પ્રહારથી જ પોતાની રક્ષા કરવાનો પ્રયત્ન કરે છે.

(મુમુક્ષુએ આ શ્લોકનો ભાવાર્થ ખાસ પોતાના હિત માટે, પોતાની ભૂમિકા અનુસાર વિચારવા યોગ્ય છે કે, દેહમાં આત્મબુદ્ધિ, પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખબુદ્ધિ, પુણ્યના પ્રાપ્ત ફળ વડે પોતાની અધિકતાનું વેદન, પરદ્રવ્યોનું કર્તૃત્વ-ભોકતૃત્વ-સ્વામિત્વ, પરદ્રવ્યોમાં ઇષ્ટ-અનિષ્ટની બુદ્ધિ રહેવી, અશુભરાગમાં મીઠાશ વેદાવી, શુભભાવમાં ઉપાદેયબુદ્ધિ રહેવી ઇત્યાદિ મિથ્યાત્વભાવરૂપ મૂળ આત્મઘાતક મહાન દોષોથી નિજ આત્માને બચાવવાનું દુર્લક્ષ રાખીને, દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર, ગુણ-ગુણી ભેદના વિચાર, દ્રવ્ય-પર્યાયના ભેદરૂપ વિચાર, નય-નિક્ષેપ-પ્રમાણના ભેદરૂપ વિચાર ઇત્યાદિ વિકલ્પોથી છૂટવાનો પ્રયત્ન કરવો તે પેલા મૂર્ખ સૈનિક જેવું કાર્ય સમજી પ્રથમ મૂળ આત્મઘાતક મહાન દોષોનું સ્વરૂપ સમજવું ખાસ જરૂરી છે.)

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ, ઉપદેશામૃત, શ્લોક-૪૦)

વિષાક
લવાજમ
રૂપિયા ૧૦
વર્ષ ૩૮
અંક ૯
[૪૬૧]

વીર
સંવત
૨૫૦૮
A.D. 1982
MARCH

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

નિઃસંદેહ જાણઃ

ત્રિલોકપૂજ્ય ભગવાન આત્મા પોતે જ છે

[શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૭-૬-૬૬]

આ યોગસાર ચાલે છે. શુદ્ધ ચૈતન્યમય અનંત ગુણનો પિંડ આત્મસ્વભાવ તેમાં એકાગ્ર થઈને તેનું ધ્યાન કરવું તે મોક્ષના માર્ગનો સાર છે, તે યોગસાર છે. આત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય છે, તેની સન્મુખ થઈને એકાગ્રતાથી આત્મસ્વભાવનો વેપાર તે જ સાર અને મોક્ષનું કારણ છે. તેમ અહીં ૨૬ મી ગાથામાં કહે છે કેઃ—

શુદ્ધ, સચેતન, બુદ્ધ, જિન, કેવળજ્ઞાનસ્વભાવ;
એ આતમ જાણો સદા, જો ચાહો શિવલાભ. ૨૬.

આત્માના પૂરણ આનંદની પૂરણ અતીન્દ્રિય દશારૂપી મુક્તિના લાભને એટલે કે પૂરણ કલ્યાણમૂર્તિ આત્માની શિવ-કલ્યાણમય પૂરણ નિર્મળ પર્યાયની પ્રાપ્તિને જો કોઈ ચાહતું હોય તો શુદ્ધ વીતરાગ પૂરણ પવિત્ર પરમાત્મસ્વરૂપ આત્માને દિન-રાત અનુભવવો. આ આત્મા અત્યારે શુદ્ધ છે એમ અનુભવવો—એ મોક્ષલાભના કામીનું કર્તવ્ય છે.

વીતરાગ, કલ્યાણમૂર્તિ આત્માની શુદ્ધ પરિપૂર્ણ પ્રગટ પર્યાયરૂપ મુક્તિના લાભને જો તું ઇચ્છતો હો તો પૂરણ શુદ્ધ, પૂરણ શુદ્ધ, વીતરાગ નિર્દોષ સ્વભાવ ભગવાન આત્માને તારે અનુભવવો. શિવલાભનો હેતુ આ છે. મોક્ષાર્થીને શું કરવા જેવું છે? ને શું કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે?-કે શુદ્ધ ભગવાન પૂરણ શુદ્ધ ચૈતન્ય પ્રભુનું

અંતર ધ્યાન ને અનુભવ કરવો, એને અનુસરીને અંદર ઠરવું એ એક જ મુક્તિનો ઉપાય છે અને એ જ મોક્ષાર્થીનું કર્તવ્ય છે.

ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ છે, જ્ઞાનચેતનામય છે, પુણ્ય-પાપને કરું એવી કર્મચેતના કે હરખ-શોકને ભોગવું એવી કર્મફળચેતના એના સ્વભાવમાં નથી. વસ્તુ તો ચેતનમય છે, જ્ઞાનચેતનાને વેદે એવું એનું સ્વરૂપ છે. જ્ઞાનને વેદે જ્ઞાનને અનુભવે જ્ઞાનના આનંદના સ્વાદને લે એવો જ આત્મા છે. પુણ્ય-પાપના સ્વાદને લે કે હરખ-શોકના સ્વાદને લે એવો આત્મા છે જ નહિ. વસ્તુ ચેતનામય છે એટલે પરને કરે કાંઈ કે પરથી લે કાંઈ એવું એનું સ્વરૂપ નથી, તેમ જ રાગને કરે કે રાગને વેદે એવું પણ એનું સ્વરૂપ નથી.

ભગવાન આત્મા તો સચેતનસ્વરૂપ, જાગૃત, જાગૃત, ચેતનાર, ચેતનાર સ્વરૂપ છે. જ્ઞાન ને આનંદને વેદવું એવું આત્માનું સ્વરૂપ છે. આહાહા! આ તો પરમાર્થ માર્ગની વાત છે. માર્ગ એક જ છે, બીજો માર્ગ હોઈ શકે જ નહિ. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ....' ભગવાન આત્મા ચેતનાને વેદે, ચેતનાને કરે એવું જ ચૈતન્યનું સ્વરૂપ છે. રાગને કરે કે હરખને ભોગવે એ વસ્તુસ્વરૂપ જ નથી. સંસારના ભાવને કરે કે સંસારભાવને હરખથી વેદે એ આત્મા જ નથી.

જેમાં એકલી ચેતના ભરેલી છે તેને આત્મા કહીએ. ચેતવાનું જાણવાનું દેખવાનું અનુભવવાનું કામ કરે એવો આત્મા છે. એવા આત્માને તું આત્મા જાણ. રાગને કરે એ આત્મા નથી, એ તો અનાત્મા છે. વ્યવહાર-રત્નત્રયના વિકલ્પો ઉઠે તેને કરે કે વેદે તે આત્મા નથી. આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ છે તે તો જ્ઞાનને જાણીને જ્ઞાનને અનુભવે, જ્ઞાનને વેદે, જ્ઞાનમાં જ્ઞાનની એકાગ્રતાનો અનુભવ કરે એવો છે.

બોલે તે આત્મા નહિ, સાંભળે તે આત્મા નહિ, વિકલ્પથી સાંળળે તે આત્મા નહિ! ભગવાન આત્મા ચેતનસ્વરૂપ છે, એનું તો ચેતવાનું, જાણવાનું કામ છે. એને આત્મા જાણ, એ આત્માનો અનુભવ કર, એ શિવના લાભ હેતુ છે. નિરૂપદ્રવ, કલ્યાણમૂર્તિ મુક્ત-દશાના લાભનો એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

આ તો યોગસાર છે ને? એકલો સાર સાર ભર્યો છે. ભગવાન આત્મા બુદ્ધ છે. બુદ્ધદેવ છે, સત્યબુદ્ધ છે. એવા બુદ્ધદેવને તું જાણીને અનુભવ. આવો આત્મા જાણીને બીજાને કહેજે કે સમજાવજે-તો એવો આત્મા છે જ નહિ. સર્વજ્ઞ તીર્થંકર ભગવાન ત્રિલોકનાથ દેવ ફરમાવે છે કે ભાઈ! તું તો સત્યબુદ્ધ છો ને! સાચું બુદ્ધપણું તું છો એને જાણીને તેનો અનુભવ કર. એ જ મોક્ષના લાભનો હેતુ ને કારણ છે, એ સિવાય બીજું કોઈ કારણ નથી.

ઉપશમરસ, અકષાયરસ ને વીતરાગ શાંતરસથી જામેલું તત્ત્વ ભગવાન આત્મા છે.

વીતરાગના અકષાય શાંતરસનું ઢીમ તત્ત્વ છે, તેમાં વિકલ્પ ઉઠાવવો કે હું બીજેથી સમજું કે બીજાને સમજાવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. પોતાથી પોતાને જાણે એવો ભગવાન આત્મા છે. જાણપણાના વિશેષ બોલથી બીજાને સમજાવે તો તે અધિક છે એવું આત્માનું સ્વરૂપ છે જ નહિ.

ભગવાન આત્મા સત્ય સાહેબ બુદ્ધદેવ છે, તેમાં વિકલ્પનો અવકાશ છે જ ક્યાં? જે જાણેલું તત્ત્વ છે તેને કહું એવો વિકલ્પ તે વસ્તુનું સ્વરૂપ ક્યાં છે? એવો આત્મા જ નથી. કેમ કે જો આત્મા એવો હોય તો સિદ્ધ ભગવાન પણ બોલવા જોઈએ!

ભગવાન આત્મા પોતે જિનદેવ છે. સાચો જિન ભગવાન આત્મા છે. સમવરણમાં બિરાજમાન ભગવાન તારા માટે તો વ્યવહારજિન છે. તારે માટે આત્મા પોતે વીતરાગી બિંબ પરમેશ્વરદેવ જિન છે. અંદરમાં પરમાત્મસ્વરૂપ છે તે તારા માટે જિન છે. સમવસરણમાં વાણી નીકળે ને ઈન્દ્રો પણ સાંભળવા આવે, એ જિનદેવનો ને આત્માને કાંઈ સંબંધ છે નહિ. તું પોતે સાચો જિન છે. વસ્તુસ્વરૂપે વીતરાગબિંબ ભગવાન છે. એને જાણ ને અનુભવ–એટલું બસ! આવા આત્માને જિન તરીકે સ્વીકાર! વીતરાગી બિંબ પ્રભુ આત્મા હું પોતે છું—એમ તું તને અનુભવ. જો રાગ વાણી, વાંચન, લેવું–દેવું કે પુણ્યપ્રકૃતિમાં ક્યાંય અધિકાઈ મનાઈ ગઈ તો તેં જિનસ્વરૂપ આત્મામાં અધિકાઈ માની નથી.

ભગવાન જિનસ્વરૂપ પોતે જ છે, તેમાં જિનસ્વરૂપ સિવાય જેટલા બોલ ઉઠે તે બધા જિનસ્વરૂપે નથી. તેથી વિકલ્પો, વાણી, જાણપણાનો કે વ્યવહારનો મહિમા ને અધિકતા થઈ જાય અથવા બીજાને આવું હોય તેને અધિક માને તે ભૂલમાં પડ્યો છે. ભગવાન આત્મા જિન એટલે કે સંસારવિજયી જિનેન્દ્ર છે. વિકલ્પ અને એના અભાવસ્વરૂપ જિનેન્દ્ર છે. અરે! શાસ્ત્રના ભણવાના ભાવથી પણ મુક્ત એવો જિનેન્દ્ર છે. એવા જિનેન્દ્ર પ્રભુનું નિર્વિકલ્પ દૃષ્ટિથી ધ્યાન કરવું, નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા જ્ઞેય કરવો ને એમાં ઠરવું તે શિવલાભનો હેતુ છે.

ભગવાન આત્મા કેવળજ્ઞાનસ્વરૂપ છે, સંપૂર્ણજ્ઞાનનો ધણી છે, પૂરણ નિરાવરણ જ્ઞાનનો પિંડ છે. જે જ્ઞાન પરથી આવતું નથી એવા સ્વતઃ જ્ઞાનનો પિંડ છે. ચૈતન્યનો પુંજ ભગવાન નિરાવરણ કેવળજ્ઞાનના સ્વભાવવાળો જ છે. શરીર તો નહિ, રાગ તો નહિ પણ અપૂરણ પણ નહિ, એકલો પૂરણ જ્ઞાનસ્વભાવ તે ભગવાન છે. ચાર જ્ઞાનનો વિકાસ તે ખરેખર આત્મા નહિ, પૂરણ જ્ઞાનસ્વભાવ તે આત્મા.

ચૌદ પૂર્વની રચના કરનાર ગણધરદેવની કેટલી અધિકતા!–કે ના, એકલો જ્ઞાનસ્વભાવ છે તેમાં આ રચવું ને આ વિકલ્પ વસ્તુમાં છે જ ક્યાં? ચાર જ્ઞાનની ઉઘડેલી પર્યાય છે તે પણ ખરેખર આત્મા નથી; ખરેખરો આત્મા નથી પણ વ્યવહાર

આત્મા છે. એવો કેવળજ્ઞાનસ્વભાવી આત્મા છે. આને આત્મા કહીયે. આ સિવાય ઓછું, અધિક વિપરીત નાખે તે આત્માને જાણતો નથી.

રાત-દિવસ એટલે કે હંમેશા આવા આત્માનું મનન કરો. જગતનું કલ્યાણ કરવા માટે—પ્રભાવના થતી હોય તો એકાદ બે ભવ ભલેને વધારે થાય?—એમ કોઈક કહે છે. પણ ભાઈ! એકાદ બે નહિ પણ ચોકખા અનંતા ભવ થશે. એક પણ ભવના ભાવની ભાવના કરે છે તેને અનંતા નિગોદના ભવ એના કપાળમાં પડ્યા છે! જગતનું કલ્યાણ કરે કોણ? વિકલ્પ કરે કોણ? વિકલ્પ વસ્તુમાં નથી ને એ વિકલ્પ આવ્યો તે તો અનાત્મસ્વરૂપ નુકશાનકારક છે અને એનાથી જે સ્વને લાભ માને તે આત્માને જાણતો નથી.

માટે આવો ભગવાન આત્મા અંતરમાં નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રથી અનુભવવો. બસ, એ જ આત્માનું સ્વરૂપ ને મોક્ષના લાભનો હેતુ છે. બાકી બધી વાતો છે. શુદ્ધ, સચેતન, બુદ્ધ, જિન, કેવળજ્ઞાનસ્વભાવ આત્માને હંમેશા એક ધારાવાહી અનુભવવો. —જો શિવલાભ ચાહતા હો તો. ૨૬.

હવે ૨૭ મી ગાથામાં કહે છે કે નિર્મળ આત્માની ભાવના કરવાથી મુક્તિ થશે. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશે જાગૃત સ્વભાવનો પિંડ પ્રભુ તેની ભાવના એટલે કે નિર્વિકલ્પ એકાગ્રતા કરવાથી મોક્ષ થશે. આ તો ભાવનાનો ગ્રંથ છે, તેને પુનઃઉક્તિદોષ ન લાગુ પડે, એને તો પુનઃભાવના લાગુ પડે. ભાવના એટલે નિર્વિકલ્પ એકાગ્રતા, તે એક જ મોક્ષનો માર્ગ છે, વ્યવહારના વિકલ્પો મોક્ષનો માર્ગ નથી. શાસ્ત્રની સ્વાધ્યાય કરતાં નિર્જરા થાય ને! અરે ભગવાન, આત્માની સ્વાધ્યાય કરતાં નિર્જરા થાય. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ છે, તેની એકાગ્રતા કરતાં જ મોક્ષ થશે, બીજી રીતે મુક્તિ થશે નહિ. માટે તું ભ્રમના ભૂલાવામાં ન પડ. ભટકવા માટે ભ્રમણાના સ્થાન ઘણા છે અને ભ્રમણા મૂકાવાનું સ્થાન ભગવાન આત્મા એક જ છે.

જ્યાંલગી શુદ્ધસ્વરૂપનો, અનુભવ કરે ન જીવ;
ત્યાંલગી મોક્ષ ન પામતો, જ્યાં રુચે ત્યાં જાવ. ૨૭.

હે જીવ! જ્યાં સુધી નિર્મળ આત્માના સ્વભાવની ભાવના નહિ કર ને લાખ વ્રત-નિયમ-પૂજા-ભક્તિ તથા શાસ્ત્ર દેવા-લેવાના વિકલ્પની જાળમાં જ્યાં સુધી અટકયો છો ત્યાં સુધી આત્માનો મોક્ષમાર્ગ નથી. બધી વિકલ્પની જાળોને છોડીને ભગવાન પૂર્ણાનંદ અભેદ ચૈતન્યસ્વરૂપનો અનુભવ ન કર ત્યાં સુધી મોક્ષમાં જઈ શકતો નથી, પૂર્ણાનંદ તરફ તારું ગમન-પરિણમન નહિ થાય.

લોકો તો બિચારા પ્રભાવના માટે જિંદગી ખોઈ બેસે છે! આપણે પ્રભાવના કરીએ તો ઘણાને લાભ થાય ને! —એમ એના માટે જિંદગી ખોઈ બેસે! પણ જ્યાં સુધી

ભગવાન આત્માની શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રની ભાવનાની એકતા ન કર ત્યાં સુધી મોક્ષ પામી શકતો નથી, ભલેને લાખ પ્રકારના બહારના વ્યવહાર-વિકલ્પો કરતો હો! પણ મુક્તિ પામીશ નહિ.

આહાહા! આવો માર્ગ છે. દિવ્યધ્વનિ તે જૈનશાસન નહિ, વિકલ્પ ઉઠે તે જૈન-શાસન નહિ, પંચ મહાવ્રતના પરિણામ ઉઠે તે જૈનશાસન નહિ, બીજાને સમજાવવાના વિકલ્પમાં રોકાવું તે જૈનશાસન નહિ. ઠરેલું શાંતરસનું બિંબ આત્મતત્ત્વ, તેમાં આવા વિકલ્પોને અવકાશ જ ક્યાં છે? અને તે વિકલ્પ હોય તોપણ તે શિવપંથના કારણમાં કેમ ભળે? ભગવાન આત્માની અનુભવની દૃષ્ટિ, અનુભવનું જ્ઞાન ને અનુભવની સ્થિરતા તે એક જ શિવપંથનું—મોક્ષના પંથનું ગમન ને પરિણમન છે.

જ્યાં સુધી સ્વભાવમાં એકાગ્રતા ન કરે ને બહાર વિકલ્પની જાળમાં ઠર્યા કરે ત્યાં સુધી શિવમાર્ગને પામીશ નહિ માટે જ્યાં તને ગોઠે ત્યાં જા. મુક્તિ જોઈતી હોય તો સ્વભાવ તરફની એકતા કર, બાકી વિકલ્પમાં તો છો ને તેનાથી લાભ થશે—એ તો અનાદિનું ચાલ્યું જ આવે છે. એમાં અમારે તને શું કહેવું?

જ્યાં રુચે ત્યાં જા. મોક્ષનો લાભ ચાહતો હો તો સ્વભાવ તરફ એકાગ્ર થા. બધા પ્રપંચની વિકલ્પની જાળ છોડી દે. ભગવાન આત્માનું નિર્વિકલ્પ સ્વરૂપે ધ્યાન કર એ એક જ મોક્ષનો ઉપાય છે. ૨૭.

ત્રણ લોકમાં પૂજ્ય હોય તો ભગવાન પોતે જ છે, પોતાને માટે પોતાનો આત્મા જ પૂજ્ય છે. એમ ૨૮ મી ગાથામાં કહે છે:—

ધ્યાનયોગ્ય ત્રિલોકના, જિન તે આતમ જાણ;
નિશ્ચયથી એમ જ કહ્યું, તેમાં ભ્રાંતિ ન આણ. ૨૮.

ત્રણલોકના પ્રાણીઓ દ્વારા ધ્યાન કરવા યોગ્ય જિન છે એટલે કે ભક્તોને ધ્યાન કરવા લાયક કોઈ હોય તો તે ભગવાન આત્મા છે. ભગવાનની ભક્તિ—પૂજાનો વ્યવહાર વિકલ્પ વચ્ચે આવે ને?—આવે તો ભલે આવે, પણ એ કાંઈ પરમાર્થે પૂજ્ય નથી. જો પરમાર્થે પૂજ્ય હોય તો ત્યાંથી લક્ષ ફેરવીને અંદરમાં લક્ષ કરવાની જરૂર પડે નહિ!

ભગવાનની મૂર્તિના દર્શનથી નિધત—નિકાચિત કર્મને તોડે ને? ભાઈ! બાપુ! ત્રણલોકનો નાથ પૂજ્ય ભગવાન આત્મા છે, તેના દર્શનથી નિધત ને નિકાચિત કર્મના ભૂક્કા ઉડી જાય છે! એવો ભગવાન આત્મા છે. વ્યવહારના લખાણ આવે કે પરમેશ્વર અને એની મૂર્તિ દેખવાથી સમ્યગ્દર્શન થાય; પરંતુ નિજ ભગવાન આત્માના દર્શનથી સમ્યગ્દર્શન થાય ત્યારે બહારમાં નજીકમાં શું હોય તેનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે.

ત્રણલોકના પ્રાણીઓને ધ્યાન કરવા લાયક જે જિન છે તે ભગવાન આત્મા છે. પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો જિનસ્વરૂપ પરમાત્મા પોતે જ ધ્યાન કરવા લાયક છે.

ભક્તજનોએ એટલે કે આત્માની ભક્તિ કરનાર જીવોએ ભક્તિ કરવા લાયક પોતાનો ભગવાન આત્મા છે. તીર્થંકર ભગવાન વ્યવહારે પૂજ્ય છે ને નિશ્ચયથી તો એનો પોતાનો ત્રણલોકનો નાથ આત્મા પૂજ્ય છે.

એકલો શુદ્ધ બુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ ધ્રુવ તેને નિશ્ચયથી આત્મા કહ્યો છે. દેહની ક્રિયા તો જડ, પુણ્ય-પાપના ભાવ આસ્રવ, વર્તમાન પર્યાયની અલ્પતા એ વ્યવહાર–આત્મા ને ખરેખરો આત્મા તો ત્રિકાળી શુદ્ધ બુદ્ધ ધ્રુવ, એકલો ચૈતન્ય પિંડ ધ્રુવ તે ખરેખર આત્મા છે. સત્ય વાત કહેનાર વાણી અને જ્ઞાન આમ કહે છે.

ત્રણ લોકનો નાથ પ્રભુ તું પૂજ્ય છો, આહાહાહા ! ! ભગવાન સર્વજ્ઞદેવ ને પ્રતિમા એ વ્યવહારે પૂજ્ય છે ને મોક્ષનો માર્ગ પૂજ્ય તે પણ વ્યવહારે; પૂરણ શુદ્ધ ચૈતન્યનો પિંડલો ભગવાન કે જ્યાં નમવા જેવું છે, જ્યાં અંતર સન્મુખ થવા જેવું છે એવો ત્રણ લોકનો નાથ પૂજ્ય પ્રભુ પોતાનો આત્મા પોતાને પૂજ્ય છે.

નિશ્ચયનય આમ કહે છે માટે તેમાં સંદેહ ન કર. અમે આવા આત્મા ? ભક્તો પોતાના ભગવાન આત્માને પૂજે ? આવડું મોટું આ તત્ત્વ ? —એમ ભ્રાંતિ ન કર. સો ઇન્દ્રોમાં એ વાત પ્રસિદ્ધ છે કે આત્મા જ પૂજ્ય છે. વ્યવહાર તરીકે વ્યવહાર છે, વ્યવહાર નથી એમ નથી. પરંતુ વ્યવહારને નિશ્ચયથી પૂજ્યપણે સ્વીકારી લે તો એ વાત ખોટી છે. ભગવાનને વંદન, નામ-સ્મરણ, પૂજા-ભક્તિનો શુભ રાગ હોય છે, વ્યવહાર હોય છે પણ એ જાણવાલાયક છે, પૂજવાલાયક તો ખરેખર આત્મા છે.

ભક્તિવંત પ્રાણીના શુભભાવ એ કાળે એવા હોય છે પણ એ જાણવાલાયક છે. વ્યવહારે તે આદરવાલાયક કહેવાય, નિશ્ચયથી તે આદરવાલાયક નથી. ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ વ્યવહારે પૂજ્ય છે, જાણવાલાયક છે, તેને કાઢી નાખે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય !

ત્રણ લોકના નાથ પોતે પોતાને પૂજ્ય છે. સમવસરણમાં ઇન્દ્રો પણ સર્વજ્ઞદેવને પૂજે છે ને ? ભાઈ ! વ્યવહારના લખણ જ એવા છે ! વ્યવહારમાં પર પદાર્થનું લક્ષ હોય. પરંતુ એ કાંઈ ખરેખર આત્મા નથી ને એ કાંઈ ખરેખર પૂજ્ય નથી. ભાઈ ! એવા વિકલ્પો હોય છે. એ બંધનું કારણ છે, તોપણ એ આવ્યા વિના રહેતા નથી. કેમ ? –કે અબંધસ્વભાવી આત્મા પૂરણ અબંધપરિણામને ન પામે ત્યાં સુધી એવા ભાવ હોય. તેથી વ્યવહાર છે ખરો, વ્યવહાર ન માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે અને જો વ્યવહારે પૂજ્ય કહ્યું તેને પરમાર્થે પૂજ્ય માની લ્યે તોપણ મિથ્યાદૃષ્ટિ છે.

ત્રણ લોકના પ્રાણી જેમને ધ્યાવે છે, પૂજે છે, વંદે છે, તે જ પરમાત્મા પરમાર્થે આત્મા છે. હું જ ત્રિલોક પૂજ્ય પરમાત્મા જિનેન્દ્ર છું એમ ભ્રાંતિ રહિતપણે જાણવું જોઈએ. અરે ભાઈ સા'બ ! હું કાંઈ ભગવાન હોઉં ! પણ બાપુ ! એવું જ વસ્તુસ્વરૂપ છે. આવો શુદ્ધ ભગવાન આત્મા ત્રણલોકમાં પૂજ્યપુરુષોને પણ પૂજ્ય છે. ગણધરો આદિ

પૂજ્ય સંતો છે તેને પણ પૂજ્ય આત્મા છે. નમન કરવાલાયક જે મુનિઓ આદિ છે તેમને પણ નમન કરવાલાયક આત્મા છે.

ત્રણ લોકમાં જેની સાથે કોઈ જોડ-સરખામણી કરી શકાય નહિ એવું આદરવાલાયક અદ્વૈતતત્ત્વ પોતાનો ભગવાન જ પૂજ્ય છે, વંદનીય છે, માનવાલાયક છે, આદરવાલાયક છે. આવા આત્માના બહુમાન ને શ્રદ્ધા-જ્ઞાન વિના જેટલા વ્રત-નિયમ-તપસ્યા-પૂજા-ભક્તિ-દાન કરે, જાત્રાઓ કરે એ બધુંય ધર્મ માટે નથી, મોક્ષમાર્ગ માટે નથી. સમ્મેદશિખરની એકવાર યાત્રા કરે એટલે બસ! અહીં તો કહે છે કે લાખ વાર સમ્મેદશિખરની વંદના કરે તોપણ એકેય ભવ ઘટે નહિ. અરે! સાક્ષાત્ ત્રણલોકના નાથ અરિહંત પરમાત્માને કરોડવાર વંદન કરે તોપણ એકેય ભવ ઘટે નહિ! કેમ કે તે પરદ્રવ્ય છે ને પરદ્રવ્યના લક્ષે તો રાગ જ ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ?

જેને આત્મદૃષ્ટિ નથી ને જેણે શુભ વિકલ્પમાં લાભ માન્યો છે, જેને ક્રિયાઓમાં લાભ માન્યો છે, બીજાને ઉપદેશ દેવાથી લાભ માન્યો છે, અરે! ભગવાન અખંડાનંદનો નાથ પ્રભુ પોતે, તેના આશ્રય વિના જે કોઈ પણ વિકલ્પ ઉઠે તે મોક્ષના માર્ગની કળામાં પ્રવેશ પામી શકતો નથી. વિશેષ કહેશે... (–ક્રમશઃ)

ભાઈ! તારા ભગવાનને દેખવાનો પ્રયત્ન કર

બીજા છોકરાને ભણવા જતાં દેખી પોતે પણ ભણવા જાય, બીજાને વેપાર કરતાં દેખે એટલે પોતે પણ વેપાર કરવા લાગે, બીજાને લગ્ન કરતાં દેખે એટલે પોતે પણ લગ્ન કરે–એમ બીજાને કરતાં જોઈ જોઈ પોતે પણ તેમ કરવા માંડે. અહો! જગત દેખાદેખી કરવામાં ટેવાઈ ગયું છે. અરે! સમ્યગ્દૃષ્ટિ હોય તેને પણ વેપાર કરતાં દેખે, લગ્ન કરતાં દેખે, પૂજા–ભક્તિ આદિ કરતાં દેખે એટલે એ દેખાદેખીએ પોતે પણ તેમ કરવા માંડે, પણ સમ્યગ્દૃષ્ટિ તો અંદરમાં ભગવાનને દેખે છે એને તું દેખને! તારા અંતરમાં રહેલાં ભગવાનને દેખવાનો કોઈ દિ' પ્રયત્ન કર્યો છે? ભાઈ! તારા ભગવાનને દેખવાનો પ્રયત્ન કરવા જેવો છે. ભગવાનને દેખવાની દેખાદેખી કર તો તારું ભવભ્રમણ ટળશે.

* મંગલાચરણ *

શ્રી સમયસાર નાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૮-૧-૭૮

પંડિત શ્રી બનારસીદાસજી સમયસાર કળશમાંથી સમયસાર નાટક બનાવતાં પહેલાં ૨૩ મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથની સ્તુતિ કરે છે. તેમાં અહીં મંગલાચરણનો બીજો શ્લોક કહે છે.

જે ભગવાન પાર્શ્વનાથ પરમાત્મા સંપૂર્ણ દુષ્ટ કર્મનો નષ્ટ કરવાવાળા છે. કમઠના ઉપસર્ગ રુપી પવનની સામે સોનાનો મેરૂ જેમ ડગે નહીં એમ જેઓ આત્મામાં સ્થિર થઈને ડગ્યા નહીં, જેઓ પરમ પવિત્ર પદ ચૈતન્ય સ્વરૂપમાં રમણ કરનારા છે, નિર્વિકાર સિદ્ધપદમાં રમણ કરે છે, સંસારી જીવો રૂપી કમળને પ્રફુલ્લિત કરવા માટે સૂર્યસમાન છે, ચૈતન્યની પૂરણ દશા જેને પ્રગટ થઈ છે તે પરને પણ એમ-એવા કરી શકે છે એમ નિમિત્તથી કહેવામાં આવે છે. મિથ્યામતરૂપી વાદળાને ઉડાડી મૂકવા માટે પ્રચંડ વાયુરૂપ છે, વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે માર્ગ કહ્યો એમાંથી એકાન્તમતને કલ્પનારાએ પોતાની કલ્પનાથી માર્ગ સ્થાપ્યા એવા બધા જીવોના મિથ્યામતરૂપી મેઘોને ઉડાડવા પ્રચંડ વાયુરૂપ છે, અન્યમતિના ધર્મનું એકાન્તપણું ઉડાડવા અનેકાન્ત માર્ગને પ્રકાશનાર ભગવાન પાર્શ્વનાથ સમર્થ છે. પાણીથી ભરેલાં મેઘની જેમ જેનું શરીર નીલવર્ણનું છે, નીલાવર્ણે પાર્શ્વનાથ ભગવાનનું શરીર હતું. જેઓ જીવોને સમતાના દેવાવાળા છે, વીતરાગતા અમૃતરૂપ સમતા જેને પૂર્ણ પ્રગટ થઈ છે એવો અમૃત સ્વરૂપ આત્મા બીજાને સમજાવવા-અમૃત દેવા જેઓ સમર્થ છે, પોતે સમજે ત્યારે સમજાવનારે દીધું એમ નિમિત્તથી કહેવામાં આવે છે. અશુભ કર્મોની ધૂળ ધોવા માટે મેઘ સમાન છે. ધૂળ જો ઘણી ઉડતી હોય અને એમાં વરસાદ આવે તો ધૂળ બેસી જાય, ઊડી શકે નહીં, એમ ભગવાનની વાણી સાંભળે ને ભગવાનને જે જાણે—પૂર્ણાનંદ પવિત્ર આનંદની મૂર્તિને જાણે એને કર્મના રજોરૂપી ધૂળ ટાળવા મેઘ સમાન છે, સમસ્ત જીવો દ્વારા જેઓ વંદનીય છે, સર્વ જીવો-આત્માર્થીઓ જેમને નમ્યા છે, જેઓ ભવના ભયના હરનારા છે, ૮૪ના દુઃખરૂપી યોનિના અવતારને હરનારા છે, મૃત્યુના નાશ કરનારા છે, નરકના પદને તો મૂળમાંથી નાશ કરાનારા છે.

જે પરમાત્માને આવું વીતરાગી નિર્દોષ અમૃત સ્વરૂપ પ્રગટ્યું છે એનું શરણ લે એને નરકપદ હોઈ શકે નહીં. કીડી-કાગડા-કુતરા આદિના ૮૪ લાખ યોનિના અવતારવાળા મહાન ગંભીર સંસારસાગરથી જે તારવાવાળા છે, ૮૪ ના અવતારમાં એકેક યોનિમાં અનંત અનંત વાર જનમ્યો ને મર્યો એવો ગંભીર ને મોટો સંસાર

જળ સમુદ્ર એને તારવા ભગવાન સમર્થ છે. એટલે કે ભગવાને કહ્યું એ જાણીને કરે એના સંસાર-સાગરને તારવા ભગવાન સમર્થ છે.

અત્યંત બળવાન એવા કામદેવના વનને બાળી નાખવા, જેમ શંકરનું ત્રીજું નેત્ર કામદેવને બાળી નાખે છે તેમ, જેઓ અગ્નિ સમાન છે. જય હો જય હો પરમ અભયના દેનારા, વીતરાગ સ્વરૂપ પરમાત્મદશા જેને પ્રગટી છે–એવા પરમાત્માનો જય હો જય હો એમ પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરીને માંગલિક કર્યું છે. ૨.

પાર્શ્વનાથ ભગવાન ગૃહસ્થાશ્રમમાં હતા અને વનક્રીડા કરવા હાથીના હોદે નીકળ્યા હતા, એના નાના–બાવો થયેલા સાધુ તાપણી કરતા હતા ને લાકડામાં નાગ ને નાગણી બે બળતા હતા એને ધર્મના વચન સંભળાવ્યા, બળીને સ્વર્ગે ગયા ને ક્ષણમાત્રમાં ધરણેન્દ્ર તથા પદ્માવતી દેવી થયા.

પૂર્ણાનંદ અમૃતરસના પૂરણ પ્રગટ દરિયા ભગવાન પાર્શ્વનાથને જે સાંભળે ને સમજે તેને તેઓ પોતાના જેવા બનાવે છે માટે લોઢાને સોનું બનાવનાર પથ્થર તે પારસનાથ ભગવાનના પ્રતાપથી જગતમાં પારસ નામથી પ્રસિદ્ધ છે.

પંડિત બનારસીદાસજી કહે છે કે જેમની જન્મભૂમિના નામના પ્રભાવથી અમે અમારું આત્મસ્વરૂપ જોયું છે, જેમની જન્મભૂમિ-કાશી-બનારસના નામ ઉપરથી મારું નામ બનારસ રાખ્યું ને એ જ ભવમાં આત્માના આનંદના અનુભવને પામ્યો છું. પુણ્ય-પાપના મેલના અંધકારની આડમાં આત્મા ભગવાન ચૈતન્ય સૂર્ય પડ્યો હતો એનો બનારસના અંતર સ્વરૂપમાં સ્પર્શ થતાં જાણે કે તેજસ્વી સૂર્ય ઊગ્યો હોય, એમ મારો ચૈતન્ય સ્વરૂપ ચૈતન્ય ચમત્કારથી જાગ્યો ને અમને આત્માનો સ્વાદ આવ્યો. આંખ મીંચીને ઉઘાડીએ એમ ક્ષણમા અમારો પૂર્ણાનંદ પ્રાપ્ત થાઓ એવી અમે પ્રાર્થના કરીએ છીએ. ૩.

જાગીને જોઉં ત્યાં જગત દીસે નહિ, ઉંઘમાં અટપટિઆ ખેલ દેખે. ભગવાન આત્માના અંતર સ્વરૂપમાં સચ્ચિદાનંદ પ્રભુનું જ્યાં ભાન થાય ત્યાં મારામાં જગતના પુણ્ય-પાપ-શરીર-વાણી-કાંઈ છે જ નહીં. હું તો શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છું. એવો અનુભવ સમ્યગ્દર્શન થતાં ગૃહસ્થાશ્રમમાં પણ થઈ શકે છે.

હવે સિદ્ધપદની સ્તુતિ કરે છે. સિદ્ધ એટલે શરીર રહિત દશા, એટલે અનંત અનંત ગુણની શક્તિથી ભરેલાં આત્મતત્ત્વની પ્રગટરૂપ દશા પુરી થઈ જાય એને સિદ્ધ દશા કહે છે.

ભગવાન આત્મા તો અનાદિ અનંત નિત્ય છે, સત્‌ની ઉત્પતિ થતી નથી, તે અવિનાશી છે, વસ્તુનો કોઈ દિ નાશ થાય નહીં. તે સિદ્ધ ઉત્કૃષ્ટ પદને પ્રાપ્ત થઈ ગયેલા છે, અનાદિ છે, અવિનાશી છે અને ઉત્કૃષ્ટ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થઈ ગઈ એનું નામ મુક્તિ, સંસારના દુઃખનો નાશ અને અનંત આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ.

ચાર ગતિમાં રખડતાં એકલાં દુઃખ હતાં, એ દુઃખનો અભાવ થઈને આત્મામાં પૂર્ણાનંદ છે એવો પ્રગટ પૂર્ણાનંદ થઈ જવો એનું નામ મુક્તિ, એનું નામ સિદ્ધપદ, એનું નામ અશરીરી દશા.

જે ઉત્કૃષ્ટ સુખનું સ્થાન છે. જેમનો પ્રત્યેક આત્મપ્રદેશ વિલક્ષણ શાન્તિથી ભરપૂર છે. સિદ્ધ પરમાત્માને આત્માના અસંખ્ય પ્રદેશમાં શાંતિ શાંતિ શાંતિ છે. બરફની જેમ શિલા હોય તેમ આ પણ દેહમાં તેનાથી ભિન્ન શાંતરસની શિલા છે. દેહના રજકણોની માટીથી ભિન્ન ને પુણ્ય-પાપના વિકલ્પના મેલ ને દુઃખથી પણ ભિન્ન એકલા શાંતરસની શિલા અરૂપી શિલા છે, એવી અરૂપી શાંતરસની દશા અસંખ્યપ્રદેશે જેને પૂરણ પ્રગટ થઈ ગઈ છે એ પરમાત્માને સિદ્ધ ને અશરીરી કહેવામાં આવે છે.

"ઉપશમ રસ વરસે પ્રભુ તારા નયનમાં." અંદરમાં શાંત શિલા અવિકારી દશા પ્રગટ થઈ ગઈ છે, શીતળતા, શીતળતા, શીતળતા. જેમ બરફની ઠંડી શિલા હોય એમ વિકાર વિનાની પૂરણ દશા પરમાત્માની થઈ એ શીતળ શિલા છે. એવો જ મારો સ્વભાવ છે અને એને પ્રગટ કરીને તારા જેવો થાઉં એ માટે હું સ્તુતિ કરું છું —એમ કહે છે.

આપ તો મહા શુદ્ધ છો, નિર્દોષ છો, પૂર્ણ જ્ઞાની છો, વિરોધ રહિત છો. બીજાને તારવા એવો વિકલ્પ પણ જેને નથી, એવી દશા જેને પ્રગટી છે એ પરમાત્માને સિદ્ધ ભગવાન કહેવામાં આવે છે. આત્મા અનાદિ અનંત છે ને સિદ્ધ દશા પ્રગટે એ સાદિ-અનંત છે. સંસારી જેમ અનાદિ અનંત છે તેમ પ્રવાહપણે સિદ્ધ પણ અનાદિ અનંત છે. એક જીવની અપેક્ષાએ સિદ્ધ સાદિ-અનંત છે. લોકના અગ્રે બિરાજમાન છે તે સિદ્ધ ભગવાન સદા જયવંત હો. ૪.

હવે સાધુની સ્તુતિ કરે છે. સ્વરૂપને સાધે તે સાધુ, રાગને સાધે સંયોગને સાધે તે તો અજ્ઞાની છે. ભગવાન સચ્ચિદાનંદ આનંદનું ધામ પ્રભુને, અનંત અનંત શાંતિ ને શુદ્ધતાના સ્વભાવના સાગર ભગવાન આત્માને નિર્વિકલ્પ શુદ્ધતાથી સાધે એને સાધુ કહીએ.

જ્ઞાનનો પ્રકાશક આત્મા પરમ પવિત્ર શુદ્ધ છે, તે જ્ઞાનને પ્રકાશે છે. ચાહે તો વિકલ્પ હો કે ન હો, સાધુ તો જ્ઞાનના પ્રકાશક છે. ચૈતન્યબિંબ ચૈતન્ય ચમત્કારના પ્રકાશ કરનારા છે. સાધુ તો સહજ સુખના સાગર છે. પરચીજથી સુખની કલ્પના કરે છે કે પૈસામાં, સ્ત્રીમાં, કુટુમ્બમાં સુખ છે એ તો પરમાં કલ્પના કરે છે, એ સુખ નથી, એ તો દુઃખ છે. ભગવાન સાહજિક સુખ, સ્વાભાવિક આનંદનું ધામ છે, એમાંથી પ્રગટેલું સુખ સાધુને હોય છે. સમુદ્રના મધ્યબિંદુમાંથી જેમ પાણી ઉછળીને કાંઠે ભરતી આવે છે એમ અંતરસ્વરૂપના ધ્યેયને પકડતા સાધુને અંતરના આનંદના ઉમળકા

વર્તમાન દશાને કાંઠે આવે છે. વર્તમાન દશાને–પર્યાયને કાંઠે સુખના ઉભળકા આવે છે. અનંતજ્ઞાન, અનંતદર્શન આદિ ગુણરત્નોનો દરિયો છે. આવો આત્મા દેખાતો તો નથી?–કે આખો દિવસ એ જ દેખાય છે. પોતાને જ્ઞાનની મુખ્યતા ન હોય તો આ રાગ છે આ શરીર છે એ કોણે જાણ્યું? કઈ ભૂમિકામાં જણાયું? જ્યાં ત્યાં આત્મા જ જણાય છે પરંતુ પરની સામે નજર છે એટલે જાણે આ પર જણાય છે, આ પર ચીજ જણાય છે. સાધુ તો એ છે જેના જન્મ–સફળ થયા. જેણે અનંતા જન્મ–મરણને અફળ કરી નાખ્યા. કહે છે કે સાધુ સમકિત આદિ ગુણરત્નોની તો ખાણ છે. અનંત અનંત શાંતિરત્ન કાઢયા જ કરે એવા સાધુ છે. ગુણનો રત્નાકર ફાટી નીકળ્યો છે. વૈરાગ્યરસથી ભરેલો પરિપૂર્ણ છે. આખી દુનિયાથી ઉદાસ, ઉદાસ કોઈનો હું નથી, કોઈ ચીજ મારામાં નથી ને મારામાં છે તે પરમાં નથી. પરથી ઉદાસ, ઉદાસ કોઈથી દુઃખી થતો નથી, કોઈથી રાજી થતો નથી એવા વૈરાગ્યરસથી ભરેલા મુનિરાજ હોય છે જેના દેહમાં અમૃતરસ દેખાય, જેની વાણીમાં અમૃત ઝરે–આવા સાધુની અમે સ્તુતિ કરીએ છીએ.

અહીં કહે છે કે પ્રભુ અમે સમયસાર નાટક લખીએ છીએ. એ પહેલાં પ્રભુ આપને યાદ કરીને—આપની સ્તુતિ કરીને લખીએ છીએ હો! લગ્નમાં જેમ લખે છે ને! કે તમારા આવ્યાથી માંડવાની શોભા વધશે તેમ અહીં કહે છે કે હે નાથ! અમારા સ્વરૂપના લગ્નમાં આપ અહીં પધારો! અમે લગની લગાવીને આ શાસ્ત્ર લખીએ છીએ, તો પધારો.....પધારો.....પધારો પ્રભુ!

સાધુ તો વૈરાગ્યરસથી પરિપૂર્ણ છે, કોઈનો આશ્રય ઇચ્છતા નથી, કોઈનું શરણ ન લ્યે, પોતાનો આનંદ સ્વરૂપ આત્મા જ્યાં શરણરૂપ છે એને બીજા કોનું શરણ જોઈએ? સાધુ કોઈનું શરણ ઇચ્છતા નથી. આનંદકંદ સચ્ચિદાનંદ કંદ પ્રભુ આત્માનું શરણ લીધું છે એવા સાધુને વ્યવહારવિકલ્પનું પણ શરણ નથી.

જેને મૃત્યુનો ડર નથી. અનાદિ અનંત ભગવાન આત્માનો નાશ થાય નહીં, એની પર્યાયમાં નિર્મળતા છે તેનો નાશ થાય નહીં તો મૃત્યુ કોનું? દેહ તો સંયોગ છે તે છૂટી જાય. એમાં મૃત્યું કોનું? મૃત્યુનો તેને ડર નથી. કાળો નાગ આવે કે કેસરિયો સિંહ સામે આવે તોપણ કોને ખાય? અમારા અરૂપી સચ્ચિદાનંદ આત્માને કોણ ખાય? એને કોણ અડે? એમ મૃત્યુનો જેને ડર નથી, ભય નથી, નિર્ભય છે એને મુનિ કહીએ. ચારિત્ર એટલે કે આત્માની શાન્તિને જે અનુસરે છે, ઇન્દ્રિયોનો અનાદર કરે છે, ધર્મને સ્થાપનારા છે, જેનાથી ધર્મની શોભા છે. અતીન્દ્રિય આનંદના રસમાં ઝૂલતાં સંતો એ જગતની શોભા છે, ધર્મની એને લઈને શોભા છે. જેમ મકાનનો શણગાર હોય છે ને! એમ આવા સાધુ ધર્મની શોભા છે. મિથ્યાત્વનો નાશ કરવાવાળા છે, ભ્રમણાનો નાશ કરનારા છે. એવા સાધુની સમયસાર નાટકમાં સ્તુતિ કરીને મંગળાચરણ કરું છું એમ બનારસીદાસ કહે છે. વિશેષ કહેશેઃ (–ક્રમશઃ) ❀

[શુદ્ધિ: પેઈજ નં. ૧૦ માં બીજી લાઈનમાં તા. ૧૮–૧–૭૮ ને બદલે તા. ૧૮–૧–૭૧ વાંચવું]

પરને જાણતાં દોષ થવાનો ભય છોડ
જાણવું એ તારો સ્વભાવ છે.

શ્રી કળશટીકા, કળશ-૨૨૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી તા. ૧૨-૧૧-૬૫

કોઈ મિથ્યાદૃષ્ટિ એમ આશંકા કરશે કે જીવદ્રવ્ય જ્ઞાયક છે, સમસ્ત જ્ઞેયને જાણે છે. જાણનાર....જાણનાર....છે માટે પરદ્રવ્યને જાણતાં થોડો ઘણો રાગાદિ થતો હશે? તેને કહે છે કે આત્મા જાણનાર-દેખનાર છે પણ પરને જાણતાં-દેખતાં એક અંશમાત્ર વિકાર થાય એમ નથી. આત્મા પરને જાણતાં વિકારરૂપે પરિણમે એવો એનો સ્વભાવ નથી ને પરને જાણતાં પર આત્માને વિકાર કરાવે એવી પરમાં શક્તિ નથી. પરને જાણતાં જાણનાર જાણનારમાં રહે ને જ્ઞેય જ્ઞેયરૂપે રહે છે. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો, જ્ઞેયનો સ્વભાવ જણાવવાનો; પણ પરને જાણતા પર વિકાર ઉપજાવે એની પરમાં શક્તિ નથી ને પરને જાણતાં વિકારરૂપ પરિણમે એવી એનામાં કોઈ શક્તિ નથી.

વિકારનું કારણ જાણવા યોગ્ય જ્ઞેય નથી. વિકારનું કારણ તું છો. પરંતુ ઊંધાઈ કરે પોતે ને નાખે પર માથે એ ક્યારે ઊંધાઈ છોડે? જીવવિકાર કરે ત્યારે કર્મ નિમિત્ત હતાં તેનું જ્ઞાન શાસ્ત્રમાં કરાવ્યું છે. વ્યવહારના કથન છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટેના કથન છે.

ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકપ્રભુનો જાણવાનો સ્વભાવ છે. જાણવાના સ્વભાવ ઉપરાંત પરને જાણતાં તે મને વિકાર કરાવે એ લાવ્યો ક્યાંથી? કાગળ આવ્યો કે દીકરો મરી ગયો! જ્ઞાને જાણ્યું, પણ કાગળે તને કાંઈ દુઃખ કરાવ્યું નથી, દુઃખ તો તેં કર્યું ત્યારે થયું છે. નિંદા-પ્રશંસાના શબ્દો આત્માને વિકાર કરાવે છે? એ શબ્દો તને કાંઈ કહેતા નથી કે તું વિકાર કર. શરીરની પર્યાય તારા જ્ઞાનમાં જણાય છે પણ શરીર કાંઈ ઠીક-અઠીક છે એમ માનવાનું તને કહે છે? એ તો ઠીક-અઠીકપણાની માન્યતા તું ઊભી કરે છો, જ્ઞેય કાંઈ વિકાર કરાવતા નથી.

જણાવાયોગ્ય ચીજ પ્રમેય છે, જ્ઞાનમાં જાણવાલાયક જે ચીજ છે તે જ્ઞાનમાં જાણવામાં આવી ત્યાં આ ચીજ મને સગવડતા આપનારી છે એ આવ્યું ક્યાંથી? આ ચીજ ઠીક છે એવું જ્ઞેયમાં નથી, એવું જ્ઞાનમાં નથી પણ પોતાની માન્યતામાં પોતે ઠીક-અઠીકપણાની માન્યતા ઊભી કરે છે.

ભગવાન તો જાણનાર-દેખનાર-જાણનાર-દેખનાર છે ને પર પદાર્થ પ્રમેય જણાવાયોગ્ય છે. શરીરની જે અવસ્થા થાય તે વખતે જ્ઞાનનું જ્ઞેય છે પણ આ મને ઠીક પડતું નથી એ લાવ્યો ક્યાંથી? જ્ઞેયને જણાવાનો પર્યાય થયો ને તારે જાણવાનો પર્યાય થયો, તે ઉપરાંત ત્રીજું લાવ્યો ક્યાંથી? ૧૦૦ ઘરની શેરીમાં પોતે દાખલ થયો. પોતે જાણનાર

ને ઘર જણાય, તે ઉપરાંત આ મારું ઘર–એવી ભ્રમણા લાવ્યો કયાંથી? મારું ઘર એટલે શું? મારું તો જ્ઞાન છે, એ જ્ઞાન તો જ્ઞેયને જાણે છે, જ્ઞેયમાં જણાવા સિવાય ને જ્ઞાનમાં જાણવા સિવાય ત્રીજું કાંઈ છે નહીં પણ પર્યાયમાં ભ્રમણા પોતે ઊભી કરે છે.

સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી ૯૬ હજાર સ્ત્રીને જ્ઞાતા થઈને જાણે છે, આ મારી છે એવું એની દૃષ્ટિમાં છે નહીં. તારે જાણવા ઉપરાંત ને જ્ઞેયને જણાવા ઉપરાંત ત્રીજું લાવ્યો કયાંથી? જ્ઞાનમાં ને જ્ઞેયમાં જાણવા–જણાવા સિવાય બીજું કાંઈ છે નહીં તો આ મારું શરીર, આ મારી સ્ત્રી, એ લાવ્યો કયાંથી? ભાઈ! તું જ્ઞાનની મૂર્તિ છો. એ જ્ઞાન જાણવાનું કામ કરે કે એ ઉપરાંત એ મારું છે એવું કાર્ય કરે? ને જ્ઞેય જણાવવાનું કામ કરે કે એ ઉપરાંત હું તારું છું એવું કાર્ય કરે?

પરદ્રવ્યને જાણતાં એક અંશ માત્ર વિકાર થાય એવો એનો સ્વભાવ નથી, પોતે વિભાવ ઉભો કરે તો થાય છે. જ્ઞાને ભગવાનને જાણ્યા, એ ઉપરાંત તે મને તારશે, એ વાત લાવ્યો કયાંથી! ભ્રમણાથી પોતે ઊભી કરે એવી એની પર્યાયની લાયકાત છે ને સ્વભાવ પર દૃષ્ટિ કરે તો એ ભ્રમણા ટળી જાય.

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર જરા ઝીણો અધિકાર છે. તેમાં આ ૩૦ મો (૨૨૨ મો) કળશ ચાલે છે. અજ્ઞાની માને છે કે પરને જાણતાં થોડો રાગાદિ દોષ થતો હશે. તેને કહે છે કે સૂર્ય કોલસાને પ્રકાશે તેથી સૂર્યમાં કાંઈ મેલપ આવે છે? તેમ ચૈતન્યપ્રભુ ચૈતન્યભૂમિમાં જ્ઞાનમાં જ્ઞેયને જાણે, તેને જાણતાં એક અંશમાત્ર પણ વિકારાદિ થતાં નથી.

અજ્ઞાનીને એમ લાગે છે કે શરીરાદિને જાણતાં વિકાર થતો હશે. તેને આચાર્યદેવ કહે છે કે જાણવાનો તો તારો સ્વભાવ છે, પરને જાણતાં થોડો ઘણો વિકાર થાય એવો તારો સ્વભાવ નથી કે વિકાર કરાવે એવો જ્ઞેયનો સ્વભાવ નથી. ફક્ત તારી વર્તમાન દશામાં જાણનાર–દેખનાર આત્માને ભૂલીને રાગ–દ્વેષ ને મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરે છે.

તું ચૈતન્યમૂર્તિ જાણનાર દેખનાર આનંદકંદમૂર્તિ છે—એમ ભગવાને જોયું છે. તું રાગવાળો છો એમ ભગવાને તને જોયો નથી. પરંતુ તેં હું જાણનાર–દેખનાર છું એમ તને ન જોતાં, પરને જાણતાં તારામાં જે રાગાદિ થાય છે તે સ્વભાવને લઈને થયા નથી કે પરને જાણવાથી થયા નથી તોપણ પર ચીજને જાણવા ઉપરાંત આ ચીજ મને ઠીક પડે છે ને અઠીક પડે છે એવી મિથ્યાભ્રાંતિ તેં પોતે ઊભી કરી છે.

પર ચીજ જણાવાયોગ્ય ને તું જાણવાયોગ્ય, એ સિવાય બે વચ્ચે ત્રીજી કોઈ વાત નથી. ભાઈ! તું જ્ઞાન આનંદવાળું તત્વ છો, તેથી જાણવું–દેખવું એ તારું સ્વરૂપ છે પણ એ સ્વરૂપે ન રહેતાં પરને જાણતાં જાણવા ઉપરાંત આ મારા પૈસા, આ મને ઠીક એવી મિથ્યા ભ્રમણા પોતે ઊભી કરે છે.

જાણનાર જાણે, જાણવું એ તો એનો સ્વભાવ છે, છતાં જાણવા ઉપરાંત આ ચીજ

મારી, આ મને ઠીક એવી ભ્રમણા તેની વર્તમાન પર્યાયમાં પોતે ઊભી કરે છે. જાણનારમાં જણાવાયોગ્ય જણાય ત્યાં આ મારું એવું જાણનારમાં આવ્યું કયાંથી ? સર્વજ્ઞ સ્વભાવી આત્મા સર્વજ્ઞની જેમ જાણે. શરીરને જાણ્યું કે આ શરીર, પણ મારું શરીર એ લાવ્યો કયાંથી ?–કે પોતે વર્તમાન પર્યાયમાં ભ્રમણા ઊભી કરે છે, શરીરે ભ્રમણા ઊભી કરાવી નથી પણ જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવને ચૂકી ગયો હોવાથી આ મારું શરીર એવી ભ્રમણા ઊભી કરે છે.

પરને જાણતાં જાણવા ઉપરાંત આ ચીજ મારી છે એ કાઢયું કયાંથી ભાઈ ? આત્માનો જાણવા–દેખવાનો સ્વભાવ છે. તેથી જ્ઞેય છે તે જણાય. પણ તેને જાણતાં તેના લઈને મને દોષ લાગે એમ લાવ્યો કયાંથી ? પર ચીજ જણાય તેમાં અહીં દોષ કયાં લાગ્યો ? સ્ત્રીને જાણતાં તે સ્ત્રીને જાણી, જાણવું એ તો એનો સ્વભાવ છે, પણ આ સ્ત્રીનો આકાર આવો સુંદર છે આદિ દુઃખદશા મિથ્યાભ્રમથી પોતે ઊભી કરે છે.

જાણનાર–દેખનાર જાણવાના કાર્યમાં રોકાય તો સાથે શાંતિ પણ આવે, પણ પરને જાણતાં તેમાં મારાપણાની મિથ્યા ભ્રમણા ઊભી કરીને દુઃખદશા ઉત્પન્ન કરે છે. ધર્મી જીવ કોઈ પણ જ્ઞેયને જાણતા આ મને દોષ કરાવશે એમ માનતો નથી. આત્માનું હોવાપણું એટલે શું !—કે જાણવું–દેખવું ને આનંદ એ આત્માનું હોવાપણું. પરંતુ જાણનારને જાણવાની સત્તાના હોવારૂપે ન જાણતા ને જ્ઞેયને જાણતા આ મને ઠીક–અઠીક છે એવી ભ્રમણા લાવ્યો કયાંથી ? જ્ઞાનની સત્તામાં હાથ જણાયો છે પણ હાથને તેં જાણ્યો માટે હાથ આમ ઊંચો–નીચો થયો એ કયાંથી કાઢયું ? જાણનાર તો જાણવાની સત્તામાંથી બીજે કયાંય ગયો નથી.

જાણનાર–દેખનાર ભગવાનને જાણનારમાં તન્મય ન રાખતાં જાણનાર દેખનાર ભગવાન પુણ્ય–પાપના આસ્રવમાં તન્મય કેમ થઈ જાય છે ? ધર્મી જીવને રાગ–દ્વેષ થતાં નથી, અસ્થિરતાનો થોડો થાય છે તે જ્ઞેયમાં જાય છે, જ્ઞાનસ્વરૂપ ભગવાનના સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન દ્વારા જ્ઞાનમાં લીનતા થવી તે તો તેનું સ્વરૂપ છે પણ તેના બદલે પરમાં ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ ને રાગ–દ્વેષ–મિથ્યાત્વ પરિણામમાં મગ્ન કેમ થઈ જાય છે ?

ભાઈ ! તારા હોવાપણામાં જ્ઞાન–દર્શન–આનંદ છે, તેમાં લીન થવું એ તારું સ્વરૂપ છે. તેને છોડીને પર જ્ઞેયને જાણતા આ મને ઠીક–અઠીક છે એમ રાગ–દ્વેષ–મોહની પરિણતિમાં તું મગ્ન કેમ થઈ જાય છે ? જ્ઞેયને દેખીને ઠીક–અઠીકની મિથ્યા માન્યતા ઊભી કરીને તું તેમાં મગ્ન કેમ થઈ ગયો છે ?

બાપુ ! પ્રભુતા મૂકીને પામરતાનો સ્વીકાર—એ તને કઈ રીતે શોભે છે ? એ તો તારી સાથે તેં દુશ્મનાવટ ઊભી કરી છે. ભગવાન આત્મા સહજ જ સકળ પરદ્રવ્યથી ભિન્ન છે. એવી પ્રતીતિને કેમ છોડે છો ? શરીરની કોઈ પણ અવસ્થાથી આત્મા તો

જુદો છે. જાણવા–દેખવાના સ્વભાવવાળા આત્માનું સહજ જ સકલ પરદ્રવ્યોથી ભિન્નપણું છે એવી પ્રતીતિને અરેરે! તું કેમ છોડે છો? તું જેમાં છો, જેવી રીતે છો, તેની પ્રતીતિને તું કેમ છોડે છો?

શરીરમાં રોગ થતાં જ્ઞાન તેનાથી ભિન્નપણે રહીને તેને જાણે છે, છતાં ભિન્નપણાની પ્રતીતિને તું કેમ છોડે છો? ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ મૂર્તિનું સહજ જ પરદ્રવ્યથી ભિન્નપણે હોવારૂપ પ્રતીતિને તું કેમ છોડે છો? પરવસ્તુ તો તારે જાણવા લાયક છે, તેના બદલે તેને જાણતાં આ ઠીક–અઠીક એવી બુદ્ધિ કરીને રાગ–દ્વેષ કરીને તેમાં કેમ લીન થાય છે. પરજીવને મેં બચાવ્યો–માર્યો એવી ભ્રમણા ક્યાંથી ઊભી કરી? અને પરથી ભિન્ન છો એવી પ્રતીતિને તેં કેમ છોડી છે?

પર ચીજને દેખતાં મને રાગ–દ્વેષ થાય કે તે ચીજ મારાપણું કરાવે એવું પર ચીજમાં છે જ નહીં. છતાં જ્ઞેયને જાણતાં તે પરથી ભિન્નપણાની પ્રતીતિ કેમ છોડી દીધી છે? પરદ્રવ્યને જાણતાં પરદ્રવ્ય મારા છે એવી પ્રતીતિ ક્યાંથી લાવ્યો? ને હું તો જાણનાર–દેખનાર છું એવી પ્રતીતને કેમ છોડી?

ભગવાન એમ કહે છે કે જાણવું-દેખવું તારો સ્વભાવ છે તેના બદલે પરને જાણતા એ મારા છે એવું અજ્ઞાન ક્યાંથી ઊભું કર્યું? હું જાણનાર–દેખનાર આત્મા છું એવી પ્રતીતિ છોડીને આ મને ઠીક–અઠીક છે એવી ભ્રમણા તેં ઊભી કરી છે ભાઈ! એ તને શોભતી નથી એમ અહીં સમજાવે છે.

અરે આત્મા! પરદ્રવ્યના કારણે મને વિકાર થાય કે પરને જાણતાં મને દોષ થાય એવી પ્રતીતિ ક્યાંથી લાવ્યો? જ્ઞાનદર્શનનો ભંડાર પ્રભુ જાણવાનું કાર્ય કરે એ તો પ્રગટ છે, પણ આને દેખતાં મને રાગ થયો કે આને દેખતા મને દ્વેષ થયો એવી વિપરીતતા ક્યાંથી લાવ્યો? જાણવાના કાર્યને તારે સંકોચવું છે? પરિણમન સંકોચવું છે? તારે શું કરવું છે! તું વિચલિત થા છો એ અચંબો છે.

પરચીજ દેખાણી માટે મને પ્રેમ આવ્યો ઈ ક્યાંથી લાવ્યો? આ તો અચંબો છે. ભગવાન આત્મા જાણવા–દેખવાનું કાર્ય કરે તેમાં અરે! મને આને જાણતાં રાગ થયો! એમ વિચલિત થા છો એ તો અચંબો છે. જ્ઞાન છે તે તો જાણવાનું જ કાર્ય કરે ને જ્ઞેય પદાર્થ જણાય, તેને જાણતા રાગ થાય એવો કોઈ ગુણ નથી. માટે તું વિચલિત થાય છે તે અચંબો છે. આને જાણતાં મને રાગ થાય એમ તું માને છો એ મોટો અચંબો છે.

ભગવાન આત્મા તો જ્ઞાનગુણના કાર્યમાં જાણવું–દેખવું કરે એવી એની મર્યાદા છે—એવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી અજ્ઞાની જીવ શૂન્ય છે. જાણનાર વિદ્યમાન ચૈતન્ય આત્મા જાણવાયોગ્ય વસ્તુને જાણે તેમાં જાણનારમાં રાગાદિ વિક્રિયા થવાનો કોઈ અવકાશ નથી. કાને શબ્દ પડતાં જ્ઞાન બગડ્યું! પણ જ્ઞાન બગડે એવું નથી ને તેં બગડ્યું એવું ઊભું ક્યાં કર્યું? જ્ઞાન જાણનાર છે એણે જાણ્યું કે આ....આ....છે. તેમાં આ મારો

વ્હાલો દીકરો છે કે આ મારો દુશ્મન છે એ લાવ્યો કયાંથી ?

જ્ઞાન જાણવાનું કાર્ય કરે ને જ્ઞેય પ્રમેય થાય તેમાં આ મિત્ર કે દુશ્મન એ તારી ભ્રમબુદ્ધિથી ઉત્પન્ન કર્યું છે. કેવળજ્ઞાનીને જોતાં જ્ઞાને જાણ્યું કે આ કેવળજ્ઞાની ભગવાન છે, ત્યાં આ મારા ભગવાન એ ઊભું કયાંથી કર્યું ? જ્ઞેય મારા એવું વસ્તુમાં તો છે નહીં ને તેં કયાંથી ઊભું કર્યું, આવી વિચલિતદૃષ્ટિ તેં કેમ ઊભી કરી ભાઈ ?

આહાહા ! અલૌકિક વાત ! પરમ સત્યના પડખા બતાવતી વાત ! ભગવાન તું જ્ઞાતાદૃષ્ટા છો, બધી ચીજ જ્ઞાનનું જ્ઞેય છે તેમાં આ ચીજ મારી એવા ભાગલા તેં કયાંથી કર્યા ? જાણવાથી રાગ-દ્વેષ-મોહરૂપ વિકારપણે પરિણમવું એવો જ્ઞાનનો સ્વભાવ નથી. ભગવાન તો ત્રણકાળ ત્રણલોકને જાણે છે, તેને જાણતાં કેવળજ્ઞાનમાં વિક્રિયા કયાં થાય છે ? પરને જાણતાં મને વિકાર થાય એવો અવકાશ જ્ઞાનમાં નથી ને જ્ઞેયમાં નથી, કલ્પનાથી મિથ્યા ભ્રમણાથી વિચલિત થયો છે.

જ્ઞાન....જ્ઞાન...જ્ઞાન એ તો વિકલ્પથી રહિત, ખંડથી રહિત અચલિત છે. સદાકાળ એકરૂપ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી ભિન્ન રહેવું એ જ એની મહિમા છે, એવો જ ભગવાન આત્મા છે, તેથી સદાકાળ એકરૂપ જાણવું-દેખવું એવું એનું કાર્ય હોય.

હવે દૃષ્ટાંતથી સમજાવે છે કે દીવો છે તે ચારેકોરની વસ્તુને પ્રકાશે છે. દશે દિશાની વસ્તુને તો દીવો પ્રકાશે છે ને બીજાને પ્રકાશતાં દીવામાં કોઈ વિક્રિયા થઈ જતી નથી. જે રીતે પરને પ્રકાશતાં દીવામાં કોઈ વિકાર થતો નથી, દીવો તો જેમ છે તેમ છે. કોલસાને પ્રકાશતાં દીવો કાળો થઈ જતો નથી. દીવો તો જેવો પ્રકાશમાત્ર સ્વરૂપે હતો તેવો જ છે, દીવામાં કયાંય વિકાર થતો નથી, વિકાર હોતો નથી.

તેવી રીતે જીવદ્રવ્ય જ્ઞાનસ્વરૂપ છે, તે સમસ્ત જ્ઞેયને જાણે છે. નિંદાના શબ્દો હોય તેને જ્ઞાન જાણે તેમાં મારી નિંદા કરે છે ઈ કયાંથી લાવ્યો ? તું શબ્દોમાં ગયો છો ? શબ્દો તો જ્ઞેયમાં રહ્યા છે ને જ્ઞાન તો જ્ઞાનમાં રહ્યું છે. જાણવું, જાણવું, જાણવું એવી જ વસ્તુ-સ્થિતિ છે તેમાં તને વાંધો શું છે ? પરને જાણતાં રાગ-દ્વેષ કયાંથી આવ્યા ? જ્ઞાનમાંથી રાગાદિ આવ્યા કે જ્ઞેયમાંથી આવ્યા ?—એ તો પોતે પર્યાયમાં કલ્પનાથી ભ્રાંતિ ઊભી કરી છે.

જ્ઞેયને જાણતા ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપે જેમ હતો તેમ જ છે, જ્ઞેયને જાણતાં કાંઈ વિકાર નથી. પર પદાર્થ જ્ઞેય છે ને તેને જાણતાં ચૈતન્ય તો જ્ઞાનસ્વરૂપમાં રહ્યો છે તો તું ભડકે છો કેમ ? જ્ઞાનમાં જણાવાયોગ્ય પર જણાય તેમાં તું ભડકે છો કેમ ? આ મારે જોવું નથી....આ મારે જાણવું નથી....તો શું કરવું છે તારે ? જ્ઞાનસ્વભાવ નથી સ્વીકારવો તારે ? તો તને આ થયું છે શું ?

જ્ઞેયને જાણતાં વિકાર કાંઈ નથી, આવું વસ્તુનું સ્વરૂપ જેને બેસતું નથી તે મિથ્યાદૃષ્ટિ છે.

વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ

ભરત તથા ત્રૈલોકયમંડનહાથીની ભવાવલી

[શ્રી સ્વાધ્યાય મંદિર, સોનગઢમાં આ કથાનું એક સુંદર ચિત્ર છે]

ગૌતમસ્વામી રાજા શ્રેણીકને કહે છે કે હે નરાધિપતિ! એક સમયે ઘણા મુનિઓ સહિત દેશભૂષણ તથા કુળભૂષણ કેવળી કે જેમનો વંશસ્થલ ગિરિ ઉપર રામ-લક્ષ્મણે ઉપસર્ગ નિવાર્યો હતો તથા જેમની સેવા કરવાથી ગરુડેંદ્રે રામ-લક્ષ્મણ ઉપર પ્રસન્ન થઈને એમને અનેક દિવ્ય શસ્ત્રો આપ્યા હતા જેના વડે લડાઈમાં વિજય પામ્યા. તે સુર-અસુરોથી પૂજ્ય લોક પ્રસિદ્ધ તે બે કેવળી ભગવાન અયોધ્યાના નન્દનવન સમાન મહેન્દ્રોદય નામના વનમાં મોટા સંઘ સહિત બિરાજ્યા. તે સમાચાર મળતા રામ-લક્ષ્મણ-ભરત-શત્રુઘ્ન દર્શન કરવા માટે પ્રભાતે હાથી ઉપર બેસીને જવા માટે ઉદ્યમી થયા. ત્રૈલોકયમંડન હાથી જેને જાતિસ્મરણ થયું છે તે આગળ આગળ ચાલે છે. જ્યાં બન્ને કેવળી પર્વત ઉપર બિરાજમાન છે ત્યાં દેવ સમાન શુભ ચિત્તવાળા નરોત્તમ ગયા. તથા કોશલ્યા, સુમિત્રા, કેકૈઈ, સુપ્રભા એ ચારે માતાઓ-સાધુ-ભક્તિથી તત્પર, જિન-શાસનની સેવિકા, સ્વર્ગનિવાસિનીદેવિ સમાન સૈંડડો રાણી સાથે ચાલી નીકળી. તથા સુગ્રીવ આદિ સમસ્ત વિદ્યાધર મહા વિભૂતિ સહિત આવ્યા. કેવળીનું સ્થાન દૂરથી દેખીને રામ આદિ હાથી ઉપરથી નીચે ઉતરી ગયા બન્ને હાથ જોડી નમસ્કાર કરી પૂજા કરી. પોતપોતાના યોગ્યસ્થાને વિનયથી બેઠા. કેવળી ભગવાનની દિવ્યધ્વનિમાં આ રીતે વ્યાખ્યાન આવ્યું કે—

ધર્મ જ પૂજ્ય છે, જે ધર્મનું સાધન કરે એ જ પંડિત છે આ દયા મૂળ ધર્મ મહાકલ્યાણનું કારણ જિનશાસન સિવાય બીજે ક્યાંય નથી. જે પ્રાણી જિનપ્રણીત ધર્મમાં રસ લે તે ત્રૈલોકયના અગ્રભાગે પરમધામમાં બિરાજે છે. આ જિનધર્મ પરમ દુર્લભ છે. આ ધર્મનું મુખ્ય ફળ તો મોક્ષ છે. તથા ગૌણ ફળ સ્વર્ગમાં ઇન્દ્રપદ તથા પાતાળમાં નાગેન્દ્રપદ તથા પૃથ્વી ઉપર ચક્રવર્તી આદિ નરેન્દ્રપદ છે. આવી રીતે કેવળી ભગવાને ધર્મનું નિરૂપણ કર્યું. કેવળીના વચનો સાંભળીને મનમાં પ્રસન્નતા થઈ. તે વચનો વૈરાગ્ય ઉત્પન્ન કરવાવાળા તથા રાગાદિનો નાશ કરવાવાળા હતા, કેમ કે રાગાદિ સંસારનું કારણ છે તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું કારણ છે.

પછી ભક્તિથી વંદન કરીને લક્ષ્મણે પૂછ્યું હે પ્રભો! ત્રૈલોકયમંડન હાથી ગજબન્ધનને તોડાવી ખૂબ જ ક્રોધિત થયો અને પછી શીઘ્ર શાંત થઈ ગયો એનું શું કારણ?

ત્યારે કેવળી ભગવાને કહ્યું કે પહેલાં તો આ હાથીએ લોકોની ભીડ જોઈ

મદોન્મતતાના કારણે ક્ષોભ થયો ત્યારબાદ ભરતને જોઈ પૂર્વભવનું સ્મરણ થતાં શાંત થઈ ગયો. ચોથા કાળની શરૂઆતમાં ભગવાન ઋષભદેવ થયા. તેમણે રાજ્યાદિ સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી મુનિ-દીક્ષા ગ્રહણ કરી તેમની સાથે ચાર હજાર રાજાઓએ પણ પરિગ્રહ ત્યાગી મુનિ થયા તેઓ પરિષહ સહન નહિ કરી શકવાથી વ્રતભ્રષ્ટ થઈ, સ્વેચ્છાચારી થયા. ભરતનો પુત્ર મારીચ પણ ભ્રષ્ટ થઈ ત્રીદંડીનો વેષ ધારણ કર્યો, તે વખતે સૂર્યોદય ચંદ્રોદય નામના બે રાજપુત્રોએ દીક્ષા લઈ ચારિત્ર ભ્રષ્ટ થઈ મારીચના માર્ગે કુધર્મનું આચરણ કરી અનેક ભવોમાં જન્મ-મરણ કરી, એક વખત ચન્દ્રોદયનો જીવ કર્મના ઉદયથી નાગપુર નામના નગરમાં રાજા હરિપતિની રાણી મનોલતાના ગર્ભમાં ઉપજ્યો. કુલંકર નામનો રાજા થઈ તેણે ઘણા સમય સુધી રાજ્ય કર્યું. સૂર્યોદયનો જીવ અનેક ભવ ભ્રમણ કરી તે જ નગરીમાં વિશ્વનામા બ્રાહ્મણની અગ્નિકુંડ નામની સ્ત્રીને શ્રુતિરત નામનો પુત્ર થયો. આ રીતે શ્રુતિરત પુરોહિત પૂર્વ જન્મના સ્નેહથી રાજા કુલંકરને અતિ પ્રિય થઈ પડયો. એક દિવસ રાજા કુલંકર તાપસીઓ પાસે જઈ રહ્યો હતો, રસ્તામાં અભિનન્દન નામના મુનિના દર્શન થયા. તે મુનિ અવધિજ્ઞાની હતા તથા સર્વ લોકોના હિત કરવાવાળા હતા. એમણે રાજાને કહ્યું કે તારા દાદા સર્પ બન્યા છે, તે તાપસીઓના લાકડા વચ્ચે છે. જ્યારે તાપસી લાકડા ભાંગશે ત્યારે તું એ સર્પની રક્ષા કરજે. કુલંકર રાજા ત્યાં ગયા ને મુનિએ કહ્યું હતું એમ જ દૃષ્ટિ પડતાં સર્પને બચાવ્યો તથા તાપસીઓનો માર્ગ હિંસારૂપ જાણ્યો, તેનાથી ઉદાસ થઈ મુનિવ્રત ધારણ કરવાની ઇચ્છા થઈ. ત્યારે પાપકર્મી શ્રુતિરત પુરોહિતે કહ્યું, હે રાજન્! તારા કુળમાં તો વેદોનો ધર્મ ચાલ્યો આવે છે તથા તાપસ જ તારા ગુરુ છે અને તું રાજા હરિપતિનો પુત્ર છે તો વેદમાર્ગનું જ આચરણ કર, જિનમાર્ગ નહિ આચાર. પુત્રને રાજ્ય સોંપીને તું વેદોક્ત વિધિ વડે તાપસના વ્રત ધર. હું તારી સાથે તપ કરીશ. આ રીતે પાપી પુરોહિતે મૂઢમતિ કુલંકરનું મન જિનમાર્ગથી ફેરવી દીધું. કુલંકરની સ્ત્રી સુદામા પરપુરુષાક્ત હતી. એણે વિચાર્યું કે રાજા મારા કુકર્મો જાણી દુઃખી થઈને તપ ધરે છે એટલે તપ કરે કે ન કરે અને કદાચ મને મારે તો! એથી પહેલાં હું જ એને મારી નાખું. આ રીતે વિચારી એણે રાજા તથા પુરોહિતને ભોજનમાં વિષ આપીને મારી નાખ્યો. એ મરીને નિકુંજિયા નામના વનમાં પશુઘાતક પાપથી બંને સુઅર બન્યા, પછી બન્ને દેડકાં થયા, ઉંદર થયા, મોર, સર્પ, કુકડા, આદિ થયા તથા તિર્યંચ યોનિમાં ભમ્યા. પુરોહિત શ્રુતિરતનો જીવ હાથી થયો તથા રાજા કુલંકરનો જીવ દેડકો થયો અને હાથીના પગ નીચે દબાઈને મર્યો. વળી દેડકો થયો ને પાણી વગરના સરોવરમાં ઉપજ્યો, એને કાગડાએ મારી ખાધો. ફરી તે કુકડો બન્યો. હાથી મરીને બિલાડો થયો, એણે કુકડાને માર્યો. કુલંકરનો જીવ ત્રણ જન્મ કુકડો થયો અને પુરોહિતનો જીવ બિલાડો થયો, એ કુલંકરનો જીવ કુકડાને ખાઈ ગયો. ઘણા સમય બાદ શિશુમાર જાતિના મચ્છ થયા તો માચ્છીમારે

જળમાં પકડી કુહાડીથી મારી નાખ્યા. બન્ને મરીને રાજગૃહી નગરીમાં બ્રહ્મશનામાં બ્રાહ્મણની સ્ત્રી ઉલ્કાની કૂખે પુત્ર જનમ્યા. પુરોહિતના જીવનું નામ વિનોદ તથા કુલંકરના જીવનું નામ રમણ રાખ્યું. તે બન્ને ખૂબ ગરીબ તથા વિદ્યા રહિત હતા. તેથી રમણે પરદેશ જઈને વિદ્યા ભણવા વિચાર્યું. તે ઘરથી નીકળીને પૃથ્વીમાં ચારે તરફ ભમતાં ભમતાં ચારે વેદો તથા વેદોના અંગ શીખ્યો. ઘણા સમય બાદ રાજગૃહી નગરીમાં આવી પહોંચ્યો. ભાઈને મળવાની ઘણી અભિલાષા હતી પરંતુ નગરીમાં પહોંચતા સૂર્યાસ્ત થઈ ગયો. આકાશમાં મેઘપટલના યોગથી ખૂબ જ અંધકાર થઈ ગયો. એટલે એક જૂના બાગમાં એક યક્ષના મંદિરમાં બેઠો. એના ભાઈ વિનોદની સમિધા નામની કુલટા સ્ત્રી એક અશોકદત્ત નામના પુરુષ સાથે આસક્ત બનીને તેને મળવા યક્ષના મંદિરમાં આવવા સંકેત કરેલ, અશોકદત્તને તો માર્ગમાં કોટવાળે પકડી લીધો. તેના દુરાચારની જાણ થતાં વિનોદ હાથમાં ખડગ લઈને અશોકદત્તને મારવા યક્ષના મંદિરમાં આવ્યો અને પોતાના ભાઈ રમણને જ અશોકદત્ત સમજીને મારી નાખ્યો. અંધારામાં નજર ન પડી કે કોણ મર્યું. રમણ મરી ગયો ને વિનોદ ઘરે આવ્યો. થોડા સમય બાદ વિનોદ પણ મરી ગયો. એ રીતે બન્ને અનેક ભવ કરતાં રહ્યા.

ત્યારબાદ વિનોદનો જીવ તો સાલવનમાં જંગલી પાડો થયો તથા રમણનો જીવ આંધળો રીંછ થયો. બન્ને દાવાનળમાં મરી ગયા. મરીને બન્નેના જીવ ગિરિવનમાં ભીલ થયા. ત્યાંથી મરીને હરણ થયા તો ભીલે જીવતા પકડ્યા. બન્ને અતિ સુન્દર હતા. ત્રીજા નારાયણ સ્વયંભૂતિએ શ્રી વિમલનાથજીના દર્શન કરીને પાછા આવતા તે સુંદર હરણને જોઈને બન્ને લઈ લીધા તથા જિનમન્દિરની બાજુમાં રાખ્યા. રાજદ્વારથી એમને ઇચ્છાનુસાર ભોજન મળે તથા મુનિના દર્શન કરે, જિનવાણીનું શ્રવણ કરે. તેમાં રમણનો જીવ મૃગ હતો તે સમાધિમરણ કરી સ્વર્ગલોકમાં ગયો તથા વિનોદનો જીવ જે મૃગ હતો તે આર્ત્તધ્યાનથી તિર્યંચગતિમાં ભમ્યો.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કંપિલ્યાનગરનો ધનદત્ત નામનો વણીક બાવીસ કોટિ દીનારનો સ્વામી હતો. તે વણીકની વારુણી નામની સ્ત્રીના ગર્ભથી રમણનો જીવ જે દેવ થયો હતો તે ભૂષણ નામનો પુત્ર થયો. નિમિત્તજ્ઞાનીએ એના પિતાને કહ્યું કે આ તમારો પુત્ર જિનદીક્ષા ધારણ કરશે. તેથી પિતા ચિંતાતુર થયા, પિતાને પુત્ર ઉપર ખૂબ જ પ્રેમ. તેથી એને ઘરમાં જ રાખે, બહાર નીકળવા ન દે, દરેક પ્રકારની સામગ્રી એના માટે ઘરમાં જ મૌજૂદ હતી. તે ભૂષણ સુંદર સ્ત્રીનું સેવન કરતો, વસ્ત્ર, આહાર, સુગન્ધાદિ વિલેપન કરી ઘરમાં સુખથી રહેતો. એના પિતા સેંકડો મનોરથ કરીને પુત્ર પામ્યા હતા અને એક જ પુત્ર હતો. પૂર્વ જન્મના સ્નેહથી પિતાને પ્રાણોથી પણ પ્યારો હતો. પિતા તો વિનોદનો જીવ અને પુત્ર તે રમણનો જીવ, પહેલાં બન્ને ભાઈ હતા તે આ ભવમાં પિતા-પુત્ર થયા. સંસારની ગતિ વિચિત્ર છે. આ પ્રાણી કઠપુતલી સમાન

નાચે છે. સંસારનું ચરિત્ર સ્વપ્નના રાજ્ય સમાન અસાર છે. એક દિવસ ભૂષણે પ્રભાત સમયે દુંદુભી શબ્દોનો અવાજ તથા આકાશમાં દેવોનું આગમન જોઈને આશ્ચર્ય પામ્યો. તે સ્વભાવથી કોમળ ચિત્તવાળો ધર્મના આચારો સહિત મહા હર્ષથી ભરેલો બન્ને હાથ જોડી નમસ્કાર કરતો શ્રીધર કેવળીને વંદના કરવા જલ્દીથી જઈ રહ્યો હતો. ત્યાં સીઢીથી નીચે ઉતરતાં સર્પના ડંસથી મરીને ચોથા સ્વર્ગમાં મહેન્દ્ર નામનો દેવ થયો. ત્યાંથી ચ્યવીને પુષ્કર દ્વીપમાં ચન્દ્રાદિત્ય નામના રાજા પ્રકાશયશની રાણી માધવીના કૂખે જગદ્યુત નામનો પુત્ર જન્મ્યો. યૌવન અવસ્થામાં રાજ્ય લક્ષ્મી પ્રાપ્ત થઈ પરંતુ સંસારથી અતિ ઉદાસ હોવાથી રાજ્યમાં મન ન લાગ્યું. એના વૃદ્ધ મંત્રીએ કહ્યું કે આ રાજ્ય તમારા કૂળક્રમથી ચાલ્યું આવે છે તો એનું પાલન કરો, તમારા રાજ્યની પ્રજા સુખી થશે. એટલે મંત્રીના હઠથી તેણે રાજ્ય કર્યું. રાજ્ય વખતે પણ તે સાધુની સેવા કરતો. તેથી મુનિદાનના પ્રભાવથી મરીને દેવકુરુ ભોગભૂમિમાં ઊપજ્યો. ત્યાંથી ઈશાન નામના બીજા સ્વર્ગમાં દેવ થયો. ચાર સાગર બે પલ્ય સુધી દેવલોકના સુખ ભોગવી દેવાંગનાઓના વૃંદમાં નાના પ્રકારના ભોગ ભોગવી ત્યાંથી ચ્યવીને જમ્બૂદ્વીપના પશ્ચિમ વિદેહ મધ્ય અચલ નામના ચક્રવર્તીની રત્નાનામની રાણીનો અભિરામ નામનો પુત્ર થયો. તે મહા ગુણવાન અતિ સુન્દર જેને દેખી સર્વ લોકોને આનંદ થતો. તે બાલ્યાવસ્થામાં જ અતિ વિરક્ત જિનદીક્ષા ધારણ કરવા ઇચ્છતો અને પિતા એને ઘરમાં જ રાખવા ઇચ્છતા. ત્રણહજાર રાણી એને પરણાવી. પરંતુ તે વિષયસુખને વિષ-સમાન જાણતો. કેવળ મુનિ થવાની જ ઇચ્છા હતી. પરંતુ પિતા એને ઘરની બહાર નીકળવા ન દે. પરંતુ તે મહા ભાગ્ય, મહા શીલવાન, મહા ગુણવાન, મહા ત્યાગી, સ્ત્રીઓનો અનુરાગી ન હતો. સ્ત્રીઓ અનેક પ્રકારના રાગ ઉપજાવનારા વચન બોલે તથા અનેક પ્રકારની સેવા કરે તોપણ તેને સંસારની માયા કીચડ સમાન લાગતી. જેવી રીતે કીચડમાં પડેલા હાથીને એનો પકડનાર મનુષ્ય અનેક પ્રકારથી લલચાવે પરન્તુ હાથીને કીચડ ન રુચે એવી રીતે એને જગતની માયા ન રુચિ. શાંતચિત્ત તે પિતાની ઇચ્છાથી અતિ ઉદાસ થયો. ઘરમાં રહીને સ્ત્રીઓ વચ્ચે રહીને પણ તીવ્ર અસિધારા વ્રત પાળતો. સ્ત્રીઓની વચ્ચે રહીને શીલવ્રત પાળવું, એમનો સંસર્ગ ન કરવો એનું નામ અસિધારાવ્રત. મોતીઓના હાર, બાજૂબંધ, મુકુટાદિ અનેક પ્રકારના આભૂષણ પહેરે છતાં આભૂષણોનો પ્રેમ નહીં. તે મહાભાગ્ય સિંહાસન ઉપર બેસીને પોતાની સ્ત્રીઓને જિનધર્મનો ઉપદેશ આપે. ત્રણકાળમાં જિનધર્મ સમાન બીજો કોઈ ધર્મ નથી. આ જીવ અનાદિકાળથી સંસારમાં ભટકયા કરે છે આ તો કોઈ પુણ્ય કર્મના યોગથી મનુષ્યદેહ મળ્યો છે. આ વાત જાણીને કોણ એવો પુરુષ સંસારરૂપી કૂવામાં પડે અથવા કોણ વિવેકી ઝેર પીવે અથવા પહાડના શિખર પર કોણ બુદ્ધિમાન સૂવાનું રાખે અથવા મણિની પ્રાપ્તિ માટે કોણ પંડિત નાગનું મસ્તક હાથથી સ્પર્શે? એ વિનાશ કરવાવાળા કામ-ભોગ પ્રત્યે જ્ઞાનીને ક્યાંથી રાગ ઊપજે? એક

જિનધર્મનો પ્રેમ જ મહા પ્રશંસા યોગ્ય તથા મોક્ષના સુખનું કારણ છે. વગેરે પારમાર્થિક ઉપદેશરૂપ વાણી સાંભળીને સ્ત્રીઓનું મન પણ શાંત થઈ ગયું તથા નાના પ્રકારના વ્રત-નિયમ ધારણ કર્યા. શીલવાન રાજાએ એની સ્ત્રીઓને પણ શીલ વિષે દૃઢતા રાખવાનું શીખવ્યું. મન તથા ઇન્દ્રિયોને જીતી તે સમ્યગ્દૃષ્ટિ નિશ્ચલ ચિત્ત મહાધીર-વીરે ચોસઠ-હજાર વર્ષ સુધી કઠિન તપ કર્યું. ઘણા સમય બાદ સમાધિમરણ કરી પંચ નમસ્કારમંત્રનું સ્મરણ કરતાં કરતાં દેહનો ત્યાગ કર્યો. તથા છઠ્ઠો બ્રહ્મોત્તર સ્વર્ગમાં અપાર ઋદ્ધિના ધારક દેવ થયા.

ભૂષણના ભવમાં જે એનો પિતા ધનદત્ત શેઠ હતો—વિનોદ-બ્રાહ્મણનો જીવ તે મોહના યોગમાં અનેક કુયોનિમાં રખડતો જમ્બૂદ્વીપમાં ભરતક્ષેત્ર પોદન નામની નગરીમાં અગ્નિમુખ નામના બ્રાહ્મણની શકુના નામની સ્ત્રીને મૃદુમતિ નામનો પુત્ર થયો. નામ તો મૃદુ પરંતુ સ્વભાવ અતિ કઠોર; દુષ્ટ, મહા જુગારી, અવિનયી તથા અનેક પ્રકારના અપરાધોથી ભરેલો દુરાચારી થયો. લોકોના કહેવાથી માતા-પિતાએ ઘરમાંથી કાઢી મૂક્યો. તે રખડતો રખડતો એક વખત પોદનપુર નગરમાં આવ્યો. કોઈ એકના ઘરે પાણી પીવા અંદર ગયો તો એક બ્રાહ્મણી રડતી હતી તેણે રડતાં રડતાં પાણી પીવડાવ્યું ઠંડું-મીઠું પાણી પીને એણે બ્રાહ્મણીને પૂછ્યું કે તું શા માટે રડે છે? તો બ્રાહ્મણીએ કહ્યું કે તારા જેવો મારો પણ એક પુત્ર હતો એને ગુસ્સો કરીને ઘરમાંથી કાઢી મૂક્યો. તને દેખીને મારા પુત્રની યાદ આવતાં આંસુ આવે છે. ત્યારે તે રડતો રડતો કહેવા લાગ્યો કે હે માતા! તું રડ નહીં, તારો પુત્ર તે હું જ છું, બ્રાહ્મણીએ એને પુત્ર જાણી રાખી લીધો એટલે મોહવશ એના સ્તનોમાંથી દૂધ ઝરવા લાગ્યું. તે મૃદુમતિ તેજસ્વી રૂપવાન સ્ત્રીઓના મન હરનારો, ધૂર્તોનો શિરોમણિ, જુગારમાં સદા જીતનારો, દરેક કળા વિષે જાણનારો, કામ-ભોગોમાં આસક્ત, એક વસંતમાલા નામની વેશ્યાને અતિ પ્રિય હતો.

એક દિવસ મૃદુમતિ શશાંક નગરનાં રાજમહેલમાં ચોરી કરવા ગયો. રાજા નન્દિ-વર્ધનનું શશાંકમુખેસ્વામીના મુખેથી ધર્મોપદેશ સાંભળી મન વૈરાગ્યથી ભરાઈ ગયું હતું. તેણે એની રાણીને આવીને કહ્યું કે હે દેવી! મેં મોક્ષસુખના દેવાવાળા મુનિના મુખેથી ધર્મોપદેશ સાંભળ્યો કે આ ઇન્દ્રિઓના વિષય ઝેર સમાન દુઃખદાયી છે, એનું ફળ નરક-નિગોદ છે. હું જિનેશ્વરી દીક્ષા ધારણ કરીશ. તું દુઃખી નહીં થતી. આવી રીતે સ્ત્રીને શિક્ષા દેતો સાંભળીને મૃદુમતિ ચોર એના મનમાં વિચારવા લાગ્યો કે જુઓ! આ રાજઋદ્ધિ છોડીને મુનિવ્રત ધારણ કરે છે અને હું પાપી બીજાનું ધન ચોરી કરું છું. ધિક્કાર છે મને! આવું વિચાર કરી નિર્મળ ચિત્ત થઈને સંસારિક વિષય ભોગોથી ઉદાસ થયો. સ્વામી ચંદ્રમુખ પાસે જઈને બધા પરિગ્રહનો ત્યાગ કરી જિનદીક્ષા ધારણ કરી, મહા કઠિન તપ કરતાં ને અતિ થોડો આહાર લેતા હતા.

દુર્ગનામગિરિના શિખર પર ગુણનિધિ નામના મુનિ ચાર મહિનાથી ઉપવાસ કરતા હતા. તેઓ સુર-અસુર તથા મનુષ્યો દ્વારા સ્તુતિ કરવા યોગ્ય મહા ઋદ્ધિ ધારી ચારણ મુનિ હતા. તેઓ ચોમાસાના ચાર મહિના પૂર્ણ કરી આકાશમાર્ગે બીજી જગ્યાએ ચાલ્યા ગયા તથા મૃદુમતિ મુનિ આહાર માટે દુર્ગનામગિરિ સમીપ આલોકનગરમાં આવ્યા. પૃથ્વી ઉપર જોતાં જોતાં જતા હતા, ત્યાં નગરવાસીઓએ જાણ્યું કે આ તો તે મુનિરાજ છે જે ચાર મહિના સુધી ગિરિ શિખર પર તપ કરતાં હતા. આ જાણીને ખૂબ જ ભક્તિ કરી પૂજા કરી તથા ખૂબ જ સુંદર ભોજન આપ્યું. નગરવાસીઓએ ઘણી સ્તુતિ કરી. મૃદુમતિ મુનિને થયું કે પેલા મુનિરાજ ગિરિ પર રહ્યા હતા એમના ભરોંસે મારી પ્રશંસા થાય છે એટલે માનથી તેમણે મૌન ધાર્યું. લોકોને ન કહ્યું કે હું તે મહામુનિ નથી, તે મુનિ બીજા છે. તેમજ ગુરુ પાસે જઈને પણ માયા દૂર ન કરી, પ્રાયશ્ચિત્ત ન લીધું, એટલે તિર્યંચગતિનું કારણ થયું-તપ ઘણું કર્યું હતું તેથી આ પર્યાય પૂરી કરી છઠ્ઠા દેવલોકમાં જ્યાં અભિરામનો જીવ દેવ થયા હતા ત્યાં જ તે ગયો. પૂર્વ જન્મના સ્નેહથી એને ઘણો પ્રેમ ઊપજ્યો. બન્ને સમાન ઋદ્ધિધારક ઘણી દેવાંગનાઓની વચ્ચે સુખ-સાગરમાં મગ્ન બન્ને સાગરો સુધી સુખથી રહ્યા. અભિરામનો જીવ ભરત થયો તથા મૃદુમતિનો જીવ સ્વર્ગથી ચ્યવીને માયાચારના દોષથી આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અતિ સુંદર હાથી થયો. સમુદ્રની ગાજ સમાન જેની ગર્જના છે તથા પવન સમાન જેની ગતિ છે, અતિ મદોન્મત્ત તથા ચંદ્રમા સમાન ઉજ્જવળ દાંત છે જેના તથા ગજરાજોના સર્વ ગુણોથી સંપન્ન વિજયાદિક હસ્તિના વંશમાં તેણે જન્મ લીધો. મહા કાંતિનો ધારક, ઐરાવત સમાન, સ્વછંદ સિંહ-વાઘ આદિનો હરનારો, મહા વૃક્ષોને ઉખેડનારો, પર્વતોના શિખરોને તોડનારો, વિદ્યાધરોથી ન પકડાય તો ભૂમિગોચરિયોની તો શું વાત! એના વાસથી સિંહાદિ નિવાસ છોડી ભાગી ગયા-આવો પ્રબળ ગજરાજ ગિરિના વનમાં નાના પ્રકારના ફળ-ફૂલનો ભોજન કરતો, માનસરોવરમાં ક્રીડા કરતો અનેક હાથીઓ સાથે વિહાર કરતો. ક્યારેક કૈલાસમાં વિલાસ કરતો તો ક્યારેક ગંગાના મનોહર પાણીમાં ક્રીડા કરતો, તથા અનેક વન-ગિરિ-નદી-સરોવરોમાં સુંદર ક્રીડા કરતો, હજારો હાથિણી સાથે રમત કરતો. અનેક હાથીઓના સમૂહનો શિરોમણિ સ્વછંદ વિચરતો, મેઘ સમાન ગર્જના કરતો, મદ ઝરતો એવો આ હાથી એક દિવસ લંકેશ્વરે જોયો તથા વિદ્યાના પરાક્રમથી એને વશમાં કર્યો તથા એનું ત્રૈલોયમંડન નામ રાખ્યું.

અભિરામનો જીવ ભરત તથા મૃદુમતિનો જીવ આ હાથી સૂર્યોદય-ચન્દ્રોદયના જન્મથી લઈને અનેકભવથી સંબંધ છે. એટલે આ ભવમાં પણ ભરતને જોઈને પૂર્વભવ યાદ આવતાં હાથી શાંત થઈ ગયો. ભરત ભોગોથી દૂર રહ્યો, મોહથી દૂર રહ્યો. હવે મુનિપદ ધારણ કરવા ઇચ્છે છે. અને આ જ ભવે નિર્વાણ પ્રાપ્ત કરશે, વધારે ભવ નહીં કરે. ઋષભદેવના સમયમાં આ બન્ને સૂર્યોદય તથા ચન્દ્રોદય નામના બે ભાઈ હતા.

મારીચના ભરમાવાથી મિથ્યાત્વનું સેવન કરી ઘણા કાળ સુધી સંસારમાં રખડયા ત્રસ-સ્થાવર યોનિમાં પણ જઈ આવ્યા.

ચન્દ્રોદયનો જીવ કેટલા ભવ બાદ રાજા કુલંકર પછી રમણ બ્રાહ્મણ. ઘણા ભવો બાદ સમાધિમરણ કરવાવાળો મૃગ થયો. દેવ પછી ભૂષણ નામનો વૈશ્યપુત્ર, પછી સ્વર્ગમાં ગયો, પછી જગદ્યુતિ નામનો રાજા થયો, ત્યાંથી ચ્યવીને ભોગભૂમિમાં ત્યાંથી બીજા સ્વર્ગમાં દેવ, ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં ચક્રવર્તીનો પુત્ર અભિરામ થયો ત્યાંથી છઠ્ઠા સ્વર્ગમાં દેવ, દેવમાંથી ભરત નરેંદ્ર—તે ચરમશરીરી છે, હવે વધારે ભવ નહીં ધરે. સૂર્યોદયનો જીવ ઘણા કાળ સુધી રખડતો રાજા કુલંકરનો શ્રુતિરત નામનો પુરોહિત થયો તથા ઘણા જન્મો બાદ વિનોદ નામનો વિપ્ર થયો ત્યાંથી આર્ત્તધ્યાનથી મરીને મૃગ થયો ઘણા જન્મો બાદ ભૂષણનો પિતા ધનદત્ત નામનો વણિક, ત્યાંથી મૃદુમતિ નામનો મુનિ, પોતાની પ્રશંસા સાંભળીને માન પોષવા માયાચારથી શંકા દૂર ન કરી તેથી તપના પ્રભાવથી પહેલાં છઠ્ઠા સ્વર્ગમાં દેવ થયો પણ પછી ત્યાંથી ચ્યવીને ત્રૈલોક્યમંડન હાથી થયો. હવે શ્રાવકના વ્રત ધારીને દેવ થશે. આ પણ નિકટ ભવી છે. આ રીતે જીવોની ગતિ-દુર્ગતિ જાણીને ઇન્દ્રિયોનું સુખ વિનાશક જાણી વિષમ વનને તજી જ્ઞાની પુરુષ ધર્મની આરાધના કરે છે. જે પ્રાણી મનુષ્યદેહ પામીને પણ જિનભાષિત ધર્મ નથી કરતા, તે અનંતકાળ સુધી સંસારમાં રખડે છે, આત્મકલ્યાણથી દૂર રહે છે. જિનવરના મુખથી નીકળેલા દયામય ધર્મ મોક્ષ પ્રાપ્ત કરાવવા સમર્થ છે, એના તુલ્ય બીજો કોઈ ધર્મ નથી.

---

* સબ અવસર આ ચુકા હૈ *

અહા ! અત્યાર સુધીમાં જે સિદ્ધો થયા એથી અનંતગુણા જીવો નિગોદના એક એક શરીરમાં છે. એ જીવોમાંથી કેટલાક તો સદાય એમાં જ રહેવાના છે. નિગોદમાંથી સંજ્ઞી-પંચેન્દ્રિય મનુષ્યપર્યાય મળવી અનંત અનંત દુર્લભ છે. તેમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળવો મહા દુર્લભ છે. એટલે સુધી આવીને હવે એણે કરવા જેવું આ એક જ છે કે પોતાના ભગવાન આત્માને ઓળખી લેવો. બીજે ક્યાંય રોકાવા જેવું નથી. આ ટાણા ચૂક્યો તો ફરી આ અવસર નહીં મળે અત્યારે તો "સબ અવસર આ ચુકા હૈ"

સમ્યક્ત્વ સુવર્ણજયંતી

વિ. સં. ૧૯૯૩, ચૈત્ર વદ આઠમના દિવસે બેનને (બહેનશ્રી ચંપાબેનને) આત્માના શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ અનુભવ સાથે ઉપયોગમાં નિર્મળતા થતાં જાતિસ્મરણ થયું. સમ્યગ્દર્શન ૮૯ માં થયું હતું. ધ્યાન કરતાં કરતાં એટલાં એકાગ્ર થઈ જાય છે કે પોતે ભરતમાં છે કે વિદેહમાં એ પણ ભુલાઈ જાય છે. ...અમે સાથે જ મોક્ષ જવાના છીએ. આ વાત બધી પ્રત્યક્ષ થયેલ છે. ....બેનનું (બહેનશ્રીનું) જ્ઞાન તો અગાધ ને ગંભીર છે. ....આત્મજ્ઞાન સહિતનું જાતિસ્મરણ છે. .... એમને ચાર ભવનું જ્ઞાન છે પણ ગંભીર એટલાં કે કોઈ દિવસ બહાર પાડતાં નથી. મને પણ....પોતાની વાત ન કરે, મારું બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. ક્યાં બોલે જ છે?....એમના જેવાં દુનિયામાં કોઈ સ્ત્રી નથી. સ્ત્રીઓનાં મહાભાગ્ય છે કે આવા કાળમાં—આવા મિથ્યાત્વના જેરના કાળમાં એમનો અહીં જન્મ! એ તો જે બહુમાન કરશે એમનાં મહાભાગ્ય છે.

—પૂજ્ય ગુરુદેવ

આ રીતે પરમ કૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રીએ જેમની પવિત્ર અલૌકિક સ્વાનુભૂતિવિભૂષિત અંતરંગદશાની અનેકવિધ ઓળખાણ કરાવીને એક મહાન ઉપકાર કર્યો છે, એવા ધન્યાવતાર પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પરમપાવન મંગલમય સમ્યક્ત્વપરિણતિ આગામી ફાગણ વદ દશમ, તા. ૨૦-૩-૮૨, શનિવારના દિને ૫૦ મા વર્ષમાં પ્રવેશ કરે છે. સમ્યક્ત્વ સુવર્ણજયંતીના આ મંગલ પ્રસંગે, એ સમ્યક્ત્વપરિણત પાવન મૂર્તિને આપણાં ભાવભર્યાં વંદન હો.

નર ધન્ય તે, સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,
સ્વપ્નેય મલિન કર્યું ન જેણે સિદ્ધિકર સમ્યક્ત્વને.

—o—

વૈરાગ્ય સમાચાર

❀ અમદાવાદ નિવાસી શ્રી રમણલાલ ભોગીલાલ શાહ (ઉ. વ. ૬૭) તા. ૧૨-૨-૮૨ના રોજ હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ શ્રીમદ્‌રાજચંદ્ર આશ્રમ ઈડરના ટ્રસ્ટી-પ્રમુખ-કાર્યકર્તા હતા. પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.

❀ વિંછીયા નિવાસી (હાલ ઘાટકોપર) રસિકલાલ અમરચંદ ડગલીની સુપુત્રી ચિ. શીલા B. Com (ઉ. વ. ૨૦) તા. ૧૫-૨-૮૨ ના રોજ ટ્રેઈન અકસ્માતથી અવસાન પામેલ છે, બેન શિલાને આધ્યાત્મિક રુચિ સારી હતી અને પાઠશાળામાં નિયમિત જતી હતી.

❀ જામનગર નિવાસી શ્રી ઉમેદલાલ ખીમચંદભાઈ વસા (વર્ષ ૬૫) તા. ૨૧-૧ ૮૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ જામનગરના જિનમંદિરમાં ધાર્મિક પ્રસંગોમાં ઘણા ઉત્સાહ પૂર્વક ભાગ લેતા હતા.

❀ સાગર નિવાસી શ્રી ભગવાનદાસજી વૈદ્ય તા. ૨૫-૧-૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ ગિજર્યાબેન નાગરદાસ શાહ (ઉ. વ. ૮૦) મુંબઈ મુકામે તા. ૧૫-૨-૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ મહેન્દ્ર શાંતિલાલ શેઠ વિલે-પાર્લાવાળાની માતુશ્રી ચંપાબેન (ઉ. વ. ૬૩) તા. ૧૨-૨-૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ રાજકોટ નિવાસી શ્રી નૌતમલાલ કાંતિલાલ ગાંધી (હાલ મુંબઈ) ભાઈ શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ (સોનગઢ) ના જમાઈનું બાવન વર્ષની વયે હૃદયગતિ બંધ પડી જવાથી તા. ૨૧-૨-૮૨ રવિવારના રોજ અવસાન થયું છે. શ્રી નૌતમભાઈ થોડા દિવસ પહેલાં પૂજ્ય ગુરુદેવની પાવનભૂમિનાં તેમ જ પૂજ્ય બહેનશ્રીનાં દર્શનનો લાભ લેવા સોનગઢ આવ્યા હતા.

❀ મોરબી નિવાસી (હાલ મુંબઈ) મહેતા દલીચંદ જટાશંકર (ઉ. વ. ૭૮) માહ વદ ૧૪ ના રોજ બ્રેઈન હેમરેજથી દેહવિલય થયો છે.

સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો, તેમ જ સોનગઢ વારંવાર આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની આધ્યાત્મિક વાણીનો લાભ લેતા હતા. તેઓ વીતરાગ ધર્મના શરણમાં ત્વરાએ આત્મોન્નતિ પામો એ જ ભાવના.

આધ્યાત્મિક શિક્ષણ શિબિર

તા. ૧-૫-૮૨ થી ૧૦-૫-૮૨ સુધી શિક્ષણ શિબિરનું આયોજન મુંબઈ નગરમાં રાખવામાં આવેલ છે. આ માટેની વધુ વિગત હવે પછી જણાવવામાં આવશે.

લી. શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ, મુંબઈ

卐 દાનમાં આવેલી રકમ 卐

સ્વ. મરઘાબેન મગનલાલ પારેખ રંગૂનવાળા (હાલ સોનગઢ) ની પુણ્ય સ્મૃતિ અર્થે તેમના પરિવાર તરફથી નીચેની વિગતે દાનમાં આપવામાં આવેલી રકમ.

રૂ. ૨૫૦૧ શ્રી નંદીશ્વર જિનાલય ખાતે
૧૦૦૧ શ્રી સમાધિ મંદિર ખાતે
૧૦૦૧ ફાગણ માસની અષ્ટાન્હિકા પૂજા ખાતે
૨૦૦૪ પૂ. ગુરુદેવશ્રીના તથા પૂ. બહેનશ્રીના વચનામૃતના પાટિયા ૪ માટે
૧૫૦૨ પુસ્તકો ભેટ આપવા માટે
૨૦૧ કાયમી પૂજા ખાતે, પૂજા તિથિ પોષ વદ ૫
૮૪ બાર માસની પૂજાના, પૂજા તિથિ વદ–૫
રૂ. ૬૦૨ સાધર્મીવાત્સલ્ય ફંડ ખાતે
૪૦૨ પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનની બે ટેપ રીલ માટે
૧૦૨ પારેવાની જુવાર (કહાનનગર સોસા.)
આ રીતે ૯૫૦૨ સોનગઢ ખાતે આપેલી રકમ
૧૦૨ શ્રી કહાન ગૌરક્ષા ફંડ ખાતે
૧૬૦૯ વઢવાણ શહેર, અમદાવાદ, ચૂડા ખાતે આપેલી રકમ
કુલ રૂ. ૧૧૧૧૧–૦૦

સ્વ. લલીતાબેન કાનજીભાઈ લાઠીવાળા (હાલ સોનગઢ)ની પુણ્ય સ્મૃતિ અર્થે કાનજીભાઈ લલ્લુભાઈ તથા તેમના પરિવાર તરફથી દાનમાં નીચેની વિગતે આપવામાં આવેલી રકમ.

રૂ. ૫૦૧ શ્રી નંદીશ્વર જિનાલય ખાતે
૫૦૧ પૂજ્ય ગુરુદેવની સમાધિ ખાતે
૧૦૦૧ શ્રી અષ્ટાન્હિકાની પૂજા ખાતે
૩૮૦૦ શ્રી પુસ્તકો ભેટ આપવા માટે
૨૦૧ કાયમી પૂજા ખાતે પૂજાતિથિ (માગશર શુ. ૫)
૮૪ બાર માસની પૂજા ખાતે
૫૧ શ્રી દિ. જૈન બોર્ડિંગમાં
૧૦૧ અન્ય શુભમાં
૬૨૪૦ આ રીતે રૂ. ૬૨૪૦ સોનગઢ ખાતે આવેલી રકમ
રૂ. ૬૩૬૫ લાઠી ખાતે જિનમંદિર આદિમાં આપેલી રકમ
૧૨૫૫ પાવાગઢ જિન મંદિર ખાતે આપેલ રકમ
૨૦૧ રાજકોટ તથા નવરંગપૂરા જિન મંદિરમાં આપેલ રકમ
કુલ ૧૪૦૬૧

૫૦૨ શ્રી કપુરચંદભાઈ ત્રીભોવનદાસ વોરા કલકત્તા તરફથી નીચેની વિગતે

રૂ. ૨૫૧ શ્રી નંદીશ્વર જિનાલન ખાતે તથા
રૂ. ૨૫૧ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિ મંદિર ખાતે આવેલ છે.

૩૦૧ શ્રી વીરચંદભાઈ કાનજીભાઈ મોટાણી, કલકત્તા તરફથી શ્રી નંદીશ્વર જિનાલય ખાતે

૨૦૧ સ્વ. રમણલાલ ભોગીલાલ શાહ, અમદાવાદ તરફથી કાયમી પૂજા મહાવદ ૪

અષ્ટાન્હિકા પર્વ સમારોહ—૨ થી ૯ માર્ચ ૧૯૮૨

કોટામાં જૈનદર્શન શિક્ષણ–શિબિર રાખવામાં આવેલ છે. તેમાં વિદ્વાન પં. શ્રી લાલચંદભાઈ મોદી આદિ અનેક વિદ્વાનોના પ્રવચનો આદિ અનેક કાર્યક્રમો ગોઠવવામાં આવેલ છે. તે લાભ લેવા બહારગામથી આવનાર મહેમાનોને રહેવા તથા જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

અ. ભા. જૈન. યુવાફેડરેશન
૩૨૨, ભારતેન્દુ માર્ગ, લાડપુરા
કોટા—૩૨૪૦૦૬ (રાજ.)

વીતરાગી સાહિત્ય આપણા ઘરનું ઉત્તમ આભૂષણ

લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા (ઈંગ્લીશ)	૦–૭૫
ભગવાન મહાવીર	૦–૧૫
ભગવાન મહાવીર ભજન–પૂજન સંગ્રહ	૧–૦૦
સમવસરણ સ્તુતિ	૧–૦૦
મહારાણી ચેલના	૧–૨૦
શ્રાવકધર્મ પ્રકાશ	૫–૦૦
ભગવાન પારસનાથ	૧–૨૫

ટોડરમલ સ્મારક ભવન ટ્રસ્ટ જયપુર દ્વારા પ્રકાશિત

બાળબોધ પાઠમાળા ભાગ-૧	૦–૭૦
,, ,, ભાગ–૨	૦–૮૦
,, ,, ભાગ–૩	૦–૯૦
વીતરાગવિજ્ઞાન પાઠમાળા ભાગ–૨	૧–૦૦
,, ,, ભાગ–૩	૧–૦૦
તત્ત્વજ્ઞાન પાઠમાળા ભાગ–૨	૧–૨૫
,, ,, ભાગ ૨	૧–૨૫
ધર્મના દશ લક્ષણ ઇંગ્લીશ	૧૨–૦૦

શ્રી વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ ભાવનગર દ્વારા પ્રકાશિત

સમયસાર મૂળ ગ્રન્થ	૧૫–૦૦
પરમાત્મપ્રકાશ	૧૧–૨૫
પદ્મનંદી પંચવિંશતિ	૮–૦૦
યોગસાર પ્રાભૃત	૮–૨૫
જ્ઞાનામૃત	૧–૨૫
અધ્યાત્મસંદેશ	૫–૫૦
પુરુષાર્થસિદ્ધિઉપાય	૫–૦૦
અધ્યાત્મિક–પત્રો	
દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ભા. ૧/૨	૨–૦૦
દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ભાગ–૩	૪-૫૦
ક્રમબદ્ધપર્યાય	૩–૦૦
આત્મઅવલોકન	૩–૦૦
અધ્યાત્મપરાગ	૩–૦૦

*

— આવશ્યક સૂચના —

* બહારગામથી પુસ્તકો મંગાવનારાઓએ પુસ્તકની કિંમત ઉપરાંત પોસ્ટેજ અથવા રેલ્વે ચાર્જ તથા પેકિંગ આદિની વધુ રકમ મોકલવી.
* પુસ્તકોના ઓર્ડરની સાથે જ સંસ્થાના નામનો ડ્રાફ્ટ અથવા મની-ઓર્ડર મોકલવા.
* પુસ્તકોના ઓર્ડરની સાથે ડ્રાફ્ટ કે મની-ઓર્ડર નહીં મોકલનારને વી. પી. દ્વારા પુસ્તકો મોકલી આપવામાં આવશે. વી. પી. દ્વારા ખર્ચ વધારે લાગશે.

પ્રાપ્તિસ્થાન

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પીન–૩૬૪ ૨૫૦
૨ શ્રી ટોડરમલ સ્મારક ભવન, એ–૪, બાપુનગર, જયપુર (રાજ.) પીન–૩૦૨ ૦૧૫
૩ શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર (સૌરાષ્ટ્ર) પીન–૩૬૪ ૦૦૧

આપણા ઘરનું ઉત્તમ આભૂષણ

વીતરાગી સાહિત્ય

પ્રવચનસાર	૧૫-૦૦	વીતરાગવિજ્ઞાન (છહાળા પ્રવચન)		ભાગ ૧	૧-૨૫
નિયમસાર (મૂળ ગ્રંથ)	૯-૦૦	"	"	" ૨	૧-૫૦
મોક્ષમાર્ગ પ્રકાશક	૭-૦૦	"	"	" ૩	૧-૦૦
સમયસાર કળશ-ટીકા	૭-૦૦	"	"	" ૪	૨-૨૫
નાટક સમયસાર	૧૦-૦૦	પ્રવચન રત્નાકર		ભાગ ૧	૬-૫૦
રત્નકરણ્ડ શ્રાવકાચાર	૬-૦૦	"	"	ભાગ ૨	૫-૦૦
પંચાસ્તિકાય	૯-૦૦	"	"	ભાગ ૩	૬-૦૦
બહેનશ્રીનાં વચનામૃત	૩-૦૦	"	"	ભાગ ૪	૭-૫૦
આત્મસિદ્ધિ-શાસ્ત્ર પરના પ્રવચનો	૮-૦૦	"	"	ભાગ ૫	૮-૦૦
આત્મભાવના (સમાધિશતક પ્રવચન)	૩-૨૫	અકલંક-નિકલંક (ધાર્મિક નાટક)			૦-૭૫
જિનેન્દ્ર સ્તવન મંજરી	૫-૦૦	સત્યની શોધ ભાગ ૧			૨-૦૦
જૈન પ્રાઈમર (ઈંગ્લીશ)	૨-૫૦	"	"	" ૨	૩-૪૦
જિનેન્દ્ર પૂજા સંગ્રહ	૪-૦૦	પરમાગમ મંદિર પ્રતિષ્ઠા-મહોત્સવ પત્રિકા			૧-૨૫
જિનેન્દ્ર ભજનમાળા	૨-૦૦	આરાધના			૦-૨૦
દ્રવ્ય-સંગ્રહ	૧-૫૦	એક હતો દેડકો-વાંદરો			૦-૧૦
બૃહદ્ દ્રવ્યસંગ્રહ	૪-૦૦	નિયમસાર ગુટકો			૦-૫૦
જિનેન્દ્ર સ્તવનમાળા	૧-૫૦	આલોચના			૦-૩૫
છહાળા સચિત્ર	૧-૭૫	જૈન બાળપોથી ભાગ-૧			૦-૬૦
અષ્ટપ્રાભૃત (૧ થી ૪ પાહુડ)	૦-૩૦	"	"	ભાગ-૨	૦-૬૦
ભાવપ્રાભૃત (પાંચમો પાહુડ)	૦-૩૦	જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા			૦-૪૦
અષ્ટપ્રાભૃત (૧ થી ૮ પાહુડ)	૧-૦૦	સર્વ સામાન્ય પ્રતિક્રમણ			૧-૦૦
જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા	૨-૫૦	અહિંસા પરમો ધર્મ:			૦-૫૦
અલિંગ્રહણ પ્રવચન	૦-૭૫	ગુરુદેવ જન્મજયંતી પ્રસંગને આવરી લેતા ઘાટકોપર મંડળીના ભજનો			૦-૫૦
અનુભવ પ્રકાશ	૧-૨૫				
અપૂર્વ અવસર	૩-૦૦	શાસ્ત્ર સ્વાધ્યાય			૨-૦૦
ચિદ્વિલાસ	૧-૭૫	મૂળમાં ભૂલ			૧-૦૦
ધર્મના દશ લક્ષણ	૪-૦૦	આત્માનુશાસન			૭-૦૦

[વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩]

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર
પ્રત : ૩૦૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364250
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ.
[વાર્ષિક લવાજમ રૂ. ૯=૦૦]